**સુવિચાર**
વિવેક જીવનનું મીઠું છે અને કલ્પના જીવનની સાકર છે. એક તેને સુરક્ષિત રાખે છે, બીજું તેને મધુર બનાવે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૨/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ મહા વદ-૧ વર્ષ : ૧૬ અંક : ૦૫૩

SINCE 1999
હરિૐ PENDAWALA
રસપાત્રા
ખાંડવી
બેબી ઈડલી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

પથરી પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે
નિઃશુલ્ક નિદાન કેમ્પ તથા ફ્રી ઓપરેશન કેમ્પ
તારીખ : ૧૩-૦૨-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.
કીડની
Prostate Cancer
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## બપોરે ૩ કલાકે પત્રકાર પરિષદ, બાદમાં ચલાલા, રાજુલા અને સાવરકુંડલાનો પ્રવાસ

# અમરેલીમાં આજે તેજાબી પ્રવકતા અને કોંગી સાંસદ ગેનીબેન ઠાકોરનું આગમન

**શેરીથી સંસદ સુધી ભાજપને ભ્રષ્ટાચાર, બેરોજગારી અને મોંઘવારી પ્રશ્ને ભીડવવામાં માહીર મહિલા સાંસદનું થશે આગમન**

**સ્થાનિક સ્વરાજની સંસ્થાની ચૂંટણીમાં મતદારોને સાચી હકીકતો જણાવીને જાગૃત્ત કરવાનો કરશે પ્રયાસ**

**મતદાનનાં ૩ દિવસ અગાઉ કોંગી નેતાનાં આગમનથી કોંગીજનોનાં ઉત્સાહમાં થશે વધારો**

**જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી સહિતનાં કોંગી આગેવાનો ઉપસ્થિત રહેશે**

અમરેલી, તા. ૧૨

અમરેલીખાતેઆવતીકાલ ગુરૂવારે તેજાબી વકતા અને શેરીથી લઈનેસંસદસુધીભાજપસરકારસામે મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેરોજગારી સહિતનાંપ્રશ્નેઆકરાશાબ્દિકપ્રહારો કરનાર સાંસદ ગેનીબેન ઠાકોરનું આગમન થવાનું હોય જિલ્લાનાં કોંગીજનો ગેલમાંઆવી ગયાછે.

આઅંગેજિલ્લાકોંગીપ્રમુખ પ્રતાપ દુધાતે જણાવ્યું હતું કે, સાંસદ ગેનીબેનબપોરે ૩ કલાકેજિલ્લાકોંગ્રેસ કાર્યાલય,જુનામાર્કેટયાર્ડઅમરેલીખાતે પત્રકારપરિષદસંબોધશે. બાદમાંતેઓ સાંજનાં ૬ કલાકે ચલાલા પાલિકાની ચૂંટણીનાં કોંગ્રેસ પક્ષનાં ઉમેદવારોનો પ્રચાર કરશે. બાદમાંતેઓરાજુલાખાતે ૮ કલાકે અને રાત્રિનાં ૯ કલાકે સાવરકુંડલા પાલિકાની પેટા ચૂંટણીનાં કોંગી ઉમેદવારનો પ્રચાર કરશે.

આ તકે પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી, મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેનઠુંમર, પૂર્વપ્રમુખડી.કે.રૈયાણી, ટીકુભાઈ વરૂ સહિતનાંકોંગીઆગેવાનો ઉપરાંતયુવક કોંગ્રેસ, એનએસયુઆઈ, મહિલાકોંગ્રેસસહિતનીકોંગ્રેસનીવિવિધ પાંખનાં આગેવાનો અને કાર્યકરો પણ તેઓનીસાથે જોડાશે તેમ પ્રતાપ દુધાતે જણાવેલ છે.






## એસપીની સુચનાથી એસઓજીની કામગીરી

# પિપાવાવ મરીન પોલીસ સ્ટેશન તાબેનાં ખેરા ગામેથી દારૂની ૧૩૦ બોટલ ઝડપાઈ

**પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી**

અમરેલી, તા. ૧૨

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાંથી દારૂની બદી દુર કરવા તેમજ આગામી સ્થાનિકસ્વરાજયનીચૂંટણીઅનુસંધાને પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરનીપ્રવૃત્તિ કરતાઈસમોઉપરવોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચનાઅનેમાર્ગદર્શનઆપેલહોય. જે અન્વયેઅમરેલીએસ.ઓ.જી. પોલીસ ઈન્સ. આર.ડી. ચૌધરીનીરાહબરીહેઠળ એસ.ઓ.જી.ની ટીમ પિપાવાવ મરીન પોલીસસ્ટેશનવિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમિયાન પિપાવાવ મરીન વિસ્તારનાખેરાગામનીઅંદરજવાનાટી પોઈન્ટ પાસે પહોંચતા ખાનગીરાહે બાતમી હકીકત મળેલ હોય કે ગોપાલભાઈશિયાળનામીઠાનાઅગરમાં આવેલ ઓરડીમાં ખેરાગામના ચિંતન બાબુભાઈ ગુજરીયાએ ભારતીય



બનાવટનો વિદેશી દારૂ સંતાડી રાખેલ હોય. જે જગ્યાએ રેઈડ કરતા ભારતીય બનાવટનીવિદેશીદારૂનીઅલગઅલગ બ્રાન્ડનીબોટલોનંગ૧૩૦મળીકુલકિંમત રૂપિયા ૧,૦૧,૦૩૦નોમુદ્દામાલપકડી પાડીઆરોપીવિરૂધ્ધધોરણસર કાર્યવાહી કરી આરોપીની શોધખોળ આદરી હતી. જયારે પકડાયેલ મુદ્દામાલ આગળની કાર્યવાહીથવાપિપાવાવમરીનપોલીસ સ્ટેશનમાંસોંપીઆપેલછે.

## નેસડી-૨ અને વાવડી ગામનાં ખેડૂતો થયા પરેશાન

# રાજુલામાં લો-વોલ્ટેજની સમસ્યાથી નારાજ થયેલ ખેડૂતોએ રોષભેર આવેદનપત્ર પાઠવ્યું

**જો સમસ્યાનું સમાધાન ન થાય તો આંદોલનની ચીમકી**




તસ્વીર : યોગેશ કાનાબાર-રાજુલા

રાજુલા, તા. ૧૨

રાજુલા તાલુકાના નેસડી નંબર-૨ અને વાવડી ગામે લો વોલ્ટેજ તેમજ વારંવાર ટ્રીપીંગ થવાની બાબતે રાજુલાના પી.જી.વી.સી.એલ.ના ઈજનેર તેમજ રાજુલાના ધારાસભ્ય હીરાલાલ સોલંકીને આવેદનપત્ર પાઠવવામાંઆવ્યું

સરકાર જયારે વિકાસની વાતકરેછેત્યારેરાત-દિવસજોયાવગર ખેડૂતો જયારે કાળી મજૂરી કરતા હોય. ત્યારે ખેડૂતોનેએકબાજુસરકારતરફથી રાહતઆપવાનીજગ્યાએહાલરાજુલા તાલુકાના નેસડી અને વાવડી ગામના ખેડૂતોએએકત્રિતથઈનેઆજેરાજુલાની

અનુસંધાન પાના ૬ ઉપર

## ફ્રેન્ડ સોસાયટીમાં દબાણ દૂર કરવા જતાં

# સાવરકુંડલામાં ચીફ ઓફિસરની ફરજમાં રૂકાવટ કરનાર સામે ફરિયાદ નોંધાઈ

**આરોપી ડો. મહેતા સામે ફરિયાદ થતાં ચકચાર**

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા ગામે આવેલ ફ્રેન્ડ સોસાયટીમાં રહેતા ડો. રાજેશકુમાર મહેતા નામના આરોપીએ તેના ઘર પાસે જાહેર રસ્તામાં તાર ફેન્સિંગ કરી સરકારી જમીનનુ ગેરકાયદેસર દબાણ કરેલ હોય. જે દબાણ અંગે ગત તા. ૧૧ના રોજ બપોરના ૩ વાગ્યે સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફીસર હસમુખરાય પ્રાગજીભાઈ બોરડ કામ કરતા હોય અને આરોપીએ દબાણ હટાવવાની કામગીરીમાં વિક્ષેપ કરી દબાણહટાવવાનીકામગીરીનહીકરવા દઈ પોતાનીકાયદેસરનીરાજયસેવકની ફરજમાં રૂકાવટ કર્યાની રાજેશકુમાર મહેતા સામે ફરિયાદ નોંધાઈ છે.

જવાહર નવોદય & સૈનિક સ્કૂલ અમરેલી
ધો.5 CET માટે
ટ્યુશન - હોસ્ટેલ - અપડાઉન
લાઠી રોડ, બાયપાસ ચોકડી અમરેલી
રોહિત જોષી
Mo.94294 33031
Mo.90676 06698

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
75,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલીમાં હવેથી દર મહિનાના ત્રીજા ગુરૂવારે સાંજે ૪ થી ૭ નિયમીત મળશે.
બાળકોના સ્પેશ્યાલીસ્ટ ડેન્ટીસ્ટ
ડો.વૈભવ કોટેચા
M.D.S.(પિડીયાટ્રીક ડેન્ટીસ્ટ)
આગામી તા.૨૦-૦૨-૨૦૨૫ ગુરૂવારના રોજ મળશે.
અમરેલીમાં હવેથી દર મહિનાના ત્રીજા શનિવારે સાંજે ૪ થી ૭ નિયમીત મળશે.
વાંકા-ચૂકા દાંતના સ્પેશ્યાલીસ્ટ ડેન્ટીસ્ટ
ડો.ધ્વનિક વાળા
M.D.S.(ઓર્થોડેન્ટીસ્ટ)
આગામી તા.૧૫-૦૨-૨૦૨૫ શનિવારના રોજ મળશે.
ચેકઅપ અથવા સારવાર માટે ફોન ઉપર અથવા રૂબરૂ એપોઈન્ટમેન્ટ લખાવવી.
ૐ ડેન્ટલ કિલનીક
પહેલો માળ, સારથી કોમ્પલેક્સ, લીલીયા રોડ,અમરેલી.
મો.૭૦૧૬૮ ૩૭૧૩૭/મો.૯૦૨૩૦ ૩૦૦૮૯

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
ડીલેવરી દરમ્યાન બાળકના ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
પ્રેગનન્સી દરમિયાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશિન
એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
ટાંકાવાળુ, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય/અંડાશયની ગાંઠના ઓપરેશનો
વંધ્યત્વની આધુનિક સારવાર
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

## શ્રી ગોપાલક એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટનાં નેજા હેઠળ તડામાર તૈયારીઓ

# બાબરામાં આગામી સોમવારે ભરવાડ સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજાશે

### સૌપ્રથમ વખત સ્થાનિક કક્ષાએ સમૂહલગ્ન યોજાવાનાં હોય આયોજકોમાં જબ્બરો ઉત્સાહ

### ૨૦ નવદંપત્તિઓ રૂક્ષ્મણી વિવાહ સાથે લગ્નગ્રંથીથી જોડાશે

### લગ્નોત્સવમાં મોટી સંખ્યામાં સાધુ, સંતો તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે

### ટ્રસ્ટનાં પ્રમુખ ખોડાભાઈ રાતડીયાની આગેવાનીમાં જબ્બરી તૈયારી ચાલી રહી છે





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરામાંઆગામીતા. ૧૭ ફેબ્રુઆરીના રોજ શ્રી ગોપાલક એજ્યુકેશનચેરીટેબલટ્રસ્ટનાનેજાહેઠળ ભરવાડ સમાજના પ્રથમ સમૂહલગ્નનું જબરદસ્તઅનેસુંદરઆયોજનકરવામાં આવી રહ્યું છે. સંસ્થાના અગ્રણીઓના સીધા માર્ગદર્શન હેઠળ સમાજના લોકો અનેકાર્યકર્તાઓદ્વારાતડામારતૈયારીઓ કરવામાં આવી રહી છે.

અહીં ભરવાડ સમાજ દ્વારા આયોજિત પ્રથમ સમુહલગ્નમાં ૧૮ દીકરીભરવાડસમાજનીએકદીકરીસાધુ સમાજનીઅનેરૂક્ષ્મણીવિવાહસાથે૨૦ યુગલોના વાજતે ગાજતે લગ્ન કરવામાં આવશે. મોટી સંખ્યામાં સાધુ, સંતો, રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહી નવદંપત્તિઓને આશિર્વાદ પાઠવશે. તમામદીકરીઓને જરૂરી ચીજ વસ્તુઓ સહિતની ૮૪ પ્રકારની વસ્તુઓ કરિયાવર સ્વરૂપે અર્પણ કરવા આવી.

બાબરા શ્રી ગોપાલક એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ખોડાભાઈ રાતડીયા, ઉપ પ્રમુખ રૂપાભાઈ ગમારા અને મંત્રી લીંબાભાઈ સુવાણ અને સમાજના અગ્રણી યુવાન એડવોકેટ વશરામભાઈ સુસરાના જણાવ્યાઅનુસારતા. ૧૭ફેબ્રુઆરીઅને સોમવારનારોજભરવાડસમાજનાભવ્ય સમૂહલગ્નપ્રથમવારબાબરામાંયોજાય રહ્યાછે. જેનોસમાજમાંખૂબઆનંદજોવા મળી રહ્યો છે. આ સમુહલગ્નમાં સમાજની ૧૮ દીકરીઓની સાથે એક સાધુ સમાજની દીકરીના લગ્ન પણ સમાજ કરી રહ્યું છે તેમજ રૂક્ષ્મણી વિવાહનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અહીં રૂક્ષ્મણી માતાજીને પરણવા અહીં નિલવડા રોડ કાંઠે આવેલ શ્રી વડલીવાળી મેલડીમાંના ઉપાસક રાજુભાઈ જેઠવા પરિવાર સહિત સેવક સમુદાયદ્વારાઠાકોરજીનીજબ્બરીજાન જોડીનેઆવશે. તેમનુંભવ્યસ્વાગતઅને સામૈયા ભરવાડ દ્વારા કરવામાં આવશે.

અહીં ભરવાડ સમાજ દ્વારા જે રૂક્ષ્મણી માતાજીના વિવાહ કરવામાં આવી રહ્યા છે તેમાં જે કોઈ માતાજીને ભેટ કે ચડાવો અર્પણ કરવામાં આવશે એ તમામ ચીજવસ્તુઓ સાધુ સમાજની દીકરીને અર્પણ કરવામાં આવશે.

આ ભવ્ય સમુહલગ્નમાં સમાજના ગુરૂ એવા પૂજય ઘનશ્યામપુરી બાપુ તેમજ ચાવંડના નકલંકધામ પૂજય રામા આપા, રાજેન્દ્રદાસ બાપુ, રામબાપુ, કણીરામ બાપુ દુધરેજ સહિતના સાધુ–સંતો ઉપસ્થિત રહી નવ યુગલોને આશીર્વાદ પાઠવશે તેમજ સામાજિક અને રાજકીય અગ્રણીઓમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણી સહિત જિલ્લાના ધારાસભ્ય અને માજી ધારાસભ્ય તેમજ ભરવાડ સમાજના અગ્રણીઓમાં રાજયના વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર જેઠાભાઈ ભરવાડ, લાખાભાઈ ભરવાડ, પ્રફુલભાઈ ટોળીયા, કે.કે. ભરવાડ, ડાયાભાઈ ભરવાડ, નિજાનંદ ગૃપ અમદાવાદ, રામભાઈ મેવાડા સહિત જિલ્લા તેમજ સૌરાષ્ટ્ર અને રાજયના ભરવાડ સમાજના અગ્રણીઓ, અધિકારીઓ અને સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહી નવદંપત્તિઓનેશુભેચ્છાપાઠવશે.

શ્રી ગોપાલક એજ્યુકેશન ચેરીટેબલટ્રસ્ટનાનેજાહેઠળઆયોજિત ભરવાડસમાજનાપ્રથમસમુહલગ્નમાં તડામાર તૈયારીઓ સમાજના લોકો દ્વારા શરૂ કરવામાં આવી રહી છે.

---

### ગીર કાંઠાનાં ગામોમાં રાનીપશુઓની રોજિંદી આવનજાવન

## સાવરકુંડલાનાં નવી આંબરડી ગામે ૪ સિંહો લટાર મારતા સીસીટીવીમાં કેદ

### બિનવારસી બળદને દબોચી લીધો



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૧૨

છેલ્લા કેટલાક સમયથી સાવરકુંડલાના આંબરડી, ખોડીયાણા, બગોયા, કૃષ્ણગઢ સહિતના વિસ્તારો સિંહોનુ આશ્રય સ્થાન બની ગયું છે. આ વિસ્તારમાં સિંહોને આસાનીથી શિકાર મળી જતો હોવાથી આ વિસ્તારમાં સાંજના સમયે તેમજ રાત્રિના સમયે સિંહો ચક્કર લગાવતા નજરે પડતા હોય છે. આજે વહેલી સવારે નવી આંબરડી ગામે ખોડીયાર માતાજીના મઢ નજીક એકીસાથે ચાર સિંહો શિકારની શોધમાં આવી ચડ્યા હતા અને બિનવારસી સૂતેલા બળદને દબોચી લીધો હતો પણ બાજુના ઘરમાંથી સફળ જાગી ગયેલ લોકોએ લાઈટ કરતા સિંહો બળદ છોડી નાસિ છૂટયા હતા. આ સમગ્ર ઘટના મંદિરમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

---

### લાઠીનાં મતીરાળા ગામે ૧૦ વર્ષ પહેલા

## ૬૦ કિલો ગૌમાંસ સાથે ઝડપાયેલ ૨ આરોપીની નીચેની કોર્ટની સજા કાયમ રાખતી સેશન્સ કોર્ટ

### આરોપીની 3 વર્ષની સજા અને ૨ હજારનો દંડ કાયમ

અમરેલી, તા. ૧૨

ગત તા.૩/૬/૧૪ના રોજ લાઠી તાલુકાના મતીરાળા ગામે હાઈસ્કુલ સામે બે મોટરસાઈકલ વચ્ચે અકસ્માત થયેલ હોય અને પોલીસ ઘટના સ્થળે પહોંચતા ત્યાં મોટર સાઈકલ ઉપર બે કોથળામાં પશુ માંસ ભરેલ હોય જેથી હાજર બંને ઈસમો મોહસીનભાઈ હાજીભાઈ બાવનકા તથા સીકંદરભાઈ રફીકભાઈ બાવનકાને આ માંસ બાબતે પુછતા પોતે ગામડામાં વેચવા લઈ જતા હોવાનુ જણાવેલ હોય અને બંને આરોપીઓ પાસે માંસ રાખવા અંગેની પરમીટ ન હોય આ માંસ અંદાજે ૬૦ કીલો જેટલુ ગૌમાંસ હોય જે બાબતે સલીમભાઈ હબીબભાઈ શેખ જે અંગે પોલીસમાં નોંધાવેલ હોય અને તે અંગેનો કેસ લાઠી કોર્ટમાં ચાલી જતા બંને આરોપીઓને તકસીરવાન ઠરાવવાનો હુકમ કરેલ હતો.

જેની સામે આરોપીઓ ધ્વારા સેશન્સ કોર્ટમાં અપીલ કરવામાં આવેલ હોય અને તે અપીલ અમરેલીના ચોથા એડી.સેશન્સ કોર્ટમાં ચાલી જતા સ્પેશ્યલ પી.પી. ચંદ્રેશ બી મહેતાની દલીલોના આધારે નામદાર એડી.સેશન્સ કોર્ટે બંને આરોપીઓને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૬(ખ)(૧)(૨)(૩) તથા આઈ.પી.સી. ૧૧૪ મુજબ ત્રણ વર્ષની સજા તથા રૂપીયા બે હજારનો દંડ કાયમ રાખેલ છે.

---

### પોલીસના ત્રીજા નેત્રમાં ઝડપાયા સરકારી કર્મચારી

## રાજુલામાં હેલ્મેટ ચેકીંગમાં પ્રથમ દિવસે સરકારી કર્મચારીને દંડ

### કુલ પાંચ કર્મચારીઓને દંડિત કરાયા



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૨

કોઈપણ સરકારી કર્મચારી હવે સરકારી ઓફિસમાં પ્રવેશ કરે ત્યારે હેલ્મેટ ફરજિયાત આ કાયદો અમલમાં આવતા રાજુલા શહેરના પી.આઈ કોલાદરા દ્વારા પ્રથમ દિવસે જ કડક રીતે કામગીરી શરૂ કરવામાં આવી જેમાં પ્રથમ દિવસે જ પાંચ જેટલા સરકારી કર્મચારી રાજુલા પોલીસ નજરે ચડતા આ પાંચ કર્મચારીને રૂપિયા ૫૦૦ની દંડ પાવતી આપવામાં આવી છે ત્યારે સરકારી કર્મચારીઓને દંડ આપવામાં આવતા રાજુલા શહેરમાં પોલીસની કામગીરીને લોકોએ બિરદાવી છે કેમ કે આ દંડની કામગીરીમાંજાણવામળતીવિગતમુજબ આદંડમાંએકપોલીસકર્મચારીનેપણદંડની પાવતીઆપવામાંઆવીછેત્યારેપોલીસ દ્વારાજપોલીસનેદંડનીપાવતીઆપવામાં આવતારાજુલાશહેરનાલોકોએપોલીસની આકામગીરીનેશહેરીજનોએબિરદાવીછે અને અત્રે ઉલ્લેખનીય એ છે કે રાજુલામાં તાજેતરમાંજઆવેલાપી.આઈ કોલાદરા દ્વારાશહેરમાંબંદોબસ્તટ્રાફિકસહિતની વિવિધકામગીરીઓખૂબજસારીરીતેથઈ રહીછે.

---

### તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત

## અરે વાહ : રાજુલા પોલીસે ખોવાવેલ સોનાની લકી મુળ માલીકને પરત કરાવી દીધી

### અમદાવાદનાં અરજદારે પોલીસનો આભાર માન્યો




તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૨

રાજુલા અરજદાર કૌશિકભાઈ જીતુભાઈ આહિર રહે. અમદાવાદ પોલીસ સ્ટેશનમાં આવી પોલીસ ઈન્સ્પેકટર વી.એમ.કોલાદરા જણાવેલ કે તેઓ નાની ખેરાળી (તા. રાજુલા) પોતાનાકાકાનાઘરેઆટોમારવા આવેલા હતા અને પોતાના ઘરે પરત અમદાવાદ જઈ રહીયા હતા ત્યારે નાની ખેરાળી ગામેથી મોટર સાઈકલમાં વાવેરા ગામ સુધી અને વાવેરા ગામેથી ટ્રકમાં રાજુલા બસ સ્ટેશન સુધી પહોચતામાં પોતાનાહાથમાંપહેરેલસોનાનીલક્કી૧૭ ગ્રામની જેની કિ.રૂ.૧,૭૫,૦૦૦/– ની કયાંક ખોવાય/પડી ગયેલનું જણાવતા રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ.કોલાદરો બનાવની સતર્કતા ગંભીરતા સમજી જરૂરી સુચના અને માર્ગદર્શન આપી સર્વેલન્સ ટીમને સીસીટીવી કેમેરાઓ જોઈ તપાસ કરાવતા અજદાર ટ્રકમાં આવેલ જે ટ્રકને શોધી તપાસ કરતા કાંઈ સફળતા મળેલ નહીબાદ અરજદાર જે મોટર સાઈકલમાં વાવેરા ગામે પેટ્રોલ પંપ પાસે આવીને ઉતરી ઉભા રહેલ તે સ્થળે જઈ સીસીટીવી કેમેરાઓ જોઈ તપાસ/શોધખોળ કરતા ત્યાં પડી ગયેલ હોય જે મળી આવતા આ સોનાની લક્કી જેની કિ.રૂ.૧,૭૫,૦૦૦/–ની શોધી પરત આપી ખરા અર્થમાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ સાર્થક કરેલ છે.

---

## બગસરા ખાતે શુક્રવારે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૧૨

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૪/૨/૨૫ને શુક્રવારના રોજ સ્વ. શામજીભાઈ જીવરાજભાઈ ચાવડાના સ્મરણાર્થે પ્રકાશભાઈ શામજીભાઈ ચાવડા પરિવારના સૌજન્યથી ૬૧ ઉમો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમાં મોતિયાના ઓપરેશનની જરૂરીયાત વાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે. કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૧૪/૨/૨૫નેશુક્રવારનારોજસવારે૯કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

---

### એક જ જ્ઞાતિનાં હોવા છતાં હુમલાબાજી થઈ

## લીલીયા મોટાનાં એકલેરા ગામે સામાન્ય બાબતે ૧૫ થી ૧૬ વ્યકિતઓ વચ્ચે બઘડાટી

### પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૨

લીલીયાતાલુકાનાએકલેરા ગામે રહેતા નરેશભાઈ હમીરભાઈ જોગરાણા નામના ૨૧ વર્ષિય ખેડુત તથા સામાવાળા લાલાભાઈ ભલાભાઈ કાનમીયા સહિતના ૮ આરોપીઓ એક જ ગામના હોય અને એકજ જ્ઞાતિના હોય. ત્યારે નરેશભાઈ જોગરાણા પોતાના મોબાઈલમાં સ્ટેટસમાં પોતાના વિડીયો રાખતા હોવાથી આરોપી સાથે અગાઉ બોલાચાલી થયેલ હોવાથી અગાઉનુ મનદુઃખ રાખી લાલાભાઈ ભલાભાઈ કાનમીયા સહિતના ૮ આરોપીઓએ એકસંપ કરી ગુન્હાહિત કાવતરૂ કરી ગેરકાયદેસર મંડળી રચી ધારીયુ, કુહાડી, લોખંડનો પાઈપ તથા લાકડી જેવા હથિયારો ધારણ કરી પોતાનો સમાન ઈરાદો પાર પાડવાસારૂ આરોપીએ ખેડૂત યુવકને તથા અન્યને ધારીયા વડે માર મારી ડાબા પગે ઈજા કરી તથા અન્યને માથાના ભાગે ટાંકા જેવી ગંભીર ઈજા કરી તથા અન્ય લોખંડના પાઈપ વડે બન્ને હાથે માર મારી ડાબા હાથની આંગળીમાં ફ્રેકચર જેવી ઈજાઓ કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો આ જ બનાવમાં વશરામભાઈ દાનાભાઈ કાનમીયા નામના ૪૮ વર્ષિય પશુપાલકે પણ સામાવાળા હમીરભાઈ પાંચાભાઈ જોગરાણા સહિત ૭ સામે ધંધામાં ટ્રેકટરના ભાડા કરવા બાબતે અગાઉ બોલાચાલી થયેલ હોય. ગત તા. ૧૦ના રોજ જયેશભાઈ ઉર્ફ લાલજીભાઈ સાથે સામુ જોવા બાબતે બોલાચાલી થયેલ હોય. જે બાબતેનુ મનદુઃખ રાખી આરોપીઓએ પશુપાલક તથા અન્યને જાનથી મારી નાખવાના ઈરાદે ગેરકાયદે મંડળી રચી એકસંપ થઈ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ અલગ અલગ જીવલેણ હથિયારો ધારણ કરી મરણતોલ ઘા મારી જીવલેણ ગંભીર ઈજાઓ કરી તેમજ ભલાભાઈ દાનાભાઈને ધારીયા વડે માથામાં ઈજા કરી તેમજ ધનજીભાઈ બોઘાભાઈને ધારીયા વડે માથામાં ઈજા કરી તેમજ જયેશભાઈને લોખંડનાં પાઈપ વડે શરીરે ઈજા કરી તમામ આરોપીઓએ એક સાથે મળી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### ટ્રાફિક સમસ્યા પણ વિકરાળ બની

## બગસરામાં લુખ્ખા તત્વો બેફામ ગતિએ બાઈક ચલાવીને ભયનો માહોલ ઉભો કરે છે

### પોલીસ અધિક્ષક જરૂરી સુચના આપે તેવી માંગ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૨

બગસરામાં કાયદો અને વ્યવસ્થા કથળી હોય તેવું લાગી રહ્યું છે ત્યારે થોડા સમય પહેલા મામલતદારની મોટરસાયકલ ધોળા દિવસે મામલતદાર ઓફિસની પાસેથી ચોરી થઈ જતા ચોરો પોલીસને પડકાર ફેકતા હોય તેમ લાગી રહ્યું છે. બગસરામાં અનેક બાઈકો ચોરી થયેલ છે. ચોરી અસામાજિક તત્વોની દહેસત આડેધડ પાર્કિંગ ટ્રાફિકની સમસ્યા રસ્તા પરથી ૧૦૮ કે અન્ય એમ્બ્યુલન્સને પસાર થવું હોય ઈમર્જન્સીમાં દર્દીને લઈને કે ડીલેવરી કેસ હોય કે અકસ્માતનો તો પાંચ મિનિટ ઉભું રહી જવું પડે છે કારણ કે રોડ ઉપર ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો છે બગસરા બસ સ્ટેન્ડમાં લુખ્ખા અને આવારા તત્વો બેફામ ગાડીઓ ચલાવીને સીન સપાટા જમાવતા હોય છે ત્યારે આવોને કાયદાનું ભાન ક્યારે કરાવશે તે હવે જોવાનું રહ્યું. જેને બગસરામાં સમસ્યા હલ કરવા માટે મૂકયા હોય છે તે આટા ફેરાને આશીર્વાદ અને મોબાઈલમાં જોઈને આનંદ માને છે ગામનું જે થવું હોય એ થાય બગસરા પોલીસ સ્ટેશન પીઆઈ અને પીએસઆઈનું હોવાથી મોટું પોલીસ સ્ટેશન છે કાયદોને વ્યવસ્થા કયારે સુધરશે તે જોવાનું રહ્યું.

## સુવિધાસભર ઈમારતની સાથે ફૂટ ઓવર બ્રિજ બનતા શહેરીજનોમાં હાશકારો

# સાવરકુંડલામાં રેલ્વે સ્ટેશન નજીક ફૂટ ઓવર બ્રિજનું કામ શરૂ

**શહેરીજનો રેલ્વેની સામેનાં વિસ્તારમાં સરળતાથી આવન-જાવન કરી શકશે**

**દિવ્યાંગ અને સીનિયર સિટીઝન માટે વિશેષ સુવિધા ઉભી કરવી જરૂરી**

**આગામી એકાદ મહિનામાં તમામ કાર્ય પૂર્ણ થતાં શહેરીજનોને લાભ મળતો થશે**

**આરોગ્ય મંદિરે ઈમરજન્સીમાં આવવા-જવામાં ભારે પરેશાની થતી હોય મળશે છુટકારો**

સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા શહેરમાં રેલ્વે સ્ટેશન પાસે બનતાં ફૂટઓવર બ્રિજનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. લગભગ એકાદ માસમાં આ કામ પૂર્ણ થવાની ધારણા સેવાઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી આ ફૂટ ઓવર બ્રિજ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. તોતિંગ સ્ટ્રકચરલ માળખાને વેલ્ડિંગ, બોલ્ડિંગ અને મોલ્ડિંગ કરવાનું કાર્ય હાલ ચાલી રહ્યું છે. આ ફુટ ઓવર બ્રિજ બનતા સાવરકુંડલા શહેરના ખાદી કાર્યાલય, શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, માર્કેટ યાર્ડમાં તેમજ આ વિસ્તારમાં વસતાં અનેક રહીશોને વિના વિઘ્ને કોઈ અવરોધ વગર રેલ્વેની સામે પાર પહોંચી શકાશે. આ બ્રિજ પર દિવ્યાંગો તેમજ વરિષ્ઠ નાગરિકો માટે કોઈ સુવિધા હશે કે કેમ? એવું પણ લોકો માહેમાહે પૂછતાં જોવા મળે છે. આશા રાખીએ કે વ્હેલીતકે આ ફૂટ ઓવર બ્રિજ બને તો રેલ્વે ટ્રેકને ઓળંગવાની ઝંઝટમાંથી મુકિત મળે તેવી લોકો આશા રાખી રહ્યા છે.

હજુ ચારેક દિવસ પહેલાંનો એક કિસ્સો જણાવતાં સાવરકુંડલા માનવ મંદિરના પૂ. ભકિતરામબાપુએ જણાવ્યું હતું કે, પોતે ખુદ માનવ મંદિરની એક મનોરોગી બહેનને સારવાર અર્થે અહીની શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે લઈ જતાં હતાં વચ્ચે ફાટક બંધ હોવાથી મુશ્કેલી અનુભવી હતી. દર્દીને ઈમરજન્સી સારવાર માટે આવા બંધ ફાટક પણ ઘણી વખત દર્દીઓ માટે





જીવલેણ સાબિત થઈ શકે છે. જો કમસે કમ ફૂટ ઓવર બ્રિજ બનેલ હોય તો સ્ટ્રેચર પર પણ ગંભીર દર્દથી પીડાતા દર્દીઓને સામે પાર હોસ્પિટલમાં લઈ જઈ શકાય. આમ ફૂટ બ્રીજ આવા દર્દીઓ માટે જીવનરક્ષકની ભૂમિકા પણ ભજવી શકે છે. વળી સાવરકુંડલા રેલ્વે સ્ટેશન પાસેથી અનેક ગુડઝ ટ્રેન અને પેસેન્જર ટ્રેન પણ પસાર થતી હોય લોકોને એક વિસ્તારમાંથી સામેના વિસ્તારમાં વિના અવરોધે આવવા જવા માટે પણ ફૂટ બ્રીજ ખૂબ જરૂરી છે.

## પીજીવીસીએલ તંત્રની બેદરકારી

# બગસરામાં મનફાવે તે સમયે વીજળી ગુલ થતાં શહેરીજનોમાં નારાજગીનો માહોલ

**જનપ્રતિનિધિઓ જનતાની સમસ્યા દૂર કરાવે**

બગસરા, તા. ૧૨

બગસરામાં વીજ કચેરી દ્વારા શહેરમાં ગમે ત્યારે લાઈટો બંધ કરી દેવામાં આવે છે. ગુરૂવારે કરેલા વીજકાપ બાદ પણ તેટલામાં સંતોષ નથી થતો હોય તેમ મંગળવારના રોજ પણ આઠ આઠ કલાક સુધી લોકોને લાઈટો વગર હેરાન થવાનું રહે છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરાના વીજતંત્રએ જાણે લોકોને હેરાન કરવાનું નક્કી કરેલું હોય તેવું લાગી રહ્યું છે. મોટા ભાગે રીપેરીંગના દિવસો હોય તે સિવાય લાંબા સમય સુધી લાઈટ બંધ રાખવાની હોતી નથી. પરંતુ લાઈટ કાપના દિવસે નવ કલાકનો વીજકાપ લોકોએ ભોગવી હોય તેમ છતાં સોમવારના રોજ અચાનક કોઈ પણ જાણ વગર આઠ કલાક વીજળી કાપી નાખવામાં આવે છે. અધિકારીઓની જાણે કોઈ જવાબદારી ન હોય તેવી રીતે કોઈના પર પગલા લેવાની બદલે પ્રજાને હેરાન કરે છે. ગુરૂવારના રોજ આખા શહેરને નવ કલાક સુધી બાનમાં લઈ વગર વીજળીએ હેરાન કરેલ હોવા છતાં મંગળવારે ફરી ૮ કલાક સુધી અડધા શહેરને ત્રાહિમામ છોડાવી દીધું હતું. અનેક લોકોના વીજળી વગર કામો અટકી પડયા હતા. જેમાં અમુક લોકોના લાઈટ કાપના કારણે દૂધની આઈટમ જેવી કે આઈસ્ક્રીમ, દૂધ, શિખંડ, ફ્રીજમાં રાખવાની વસ્તુનો નાશ થયો છે અને બગડી ગયેલ છે. આ ઉપરાંત ડોકટરોને પણ ચાલુ ઓપરેશને લાઈટ જવાથી લોકોના જીવના જોખમ થાય છે. આ ઉપરાંત નિશાળમાં પણ કોમ્પ્યુટર બંધ રહેવાને કારણે વિદ્યાર્થીઓના ભાવી ઉપર ભારે અસર જોવા મળે છે. આવું અનેકવાર ચેમ્બર ઓફ કોમર્સ તથા વેપારી મહામંડળની સંસ્થાને બગસરા પીજીવીસીએલના એન્જિનિયર મહિડાને અનેકવાર રજૂઆત કરી પરંતુ તેને પબ્લિકને હેરાન કરવામાં શું રસ છે અને અનેકવાર આર્થિક ફટકા આપ્યા છે. આ ઉપરાંત જિલ્લામાં એક વર્ષ થયા બગસરામાં ધંધા રોજગાર પીજીવીસીએલના લાઈટના કારણે ભાંગી પડયા છે. આવું જ રહ્યું તો બગસરાના વેપારીઓ બગસરા મૂકી અને સીટી તરફ વળવા માંડયા છે. કારણ કે એક તો બગસરા ખોબા જેવડું ગામ તેમાં કોઈ પણ ઉદ્યોગ ન હોવાથી નાના નાના વેપાર કરીને વેપારીઓ પોતાનું પેટિયું રડતા હોય ત્યારે આવી લાઈટની ભેજા મારીના લીધે બગસરાના ધંધા ડીમ થઈ ગયા છે. ધારાસભ્ય જે.વી. કાકડીયા આ બાબતે તાત્કાલિક ધોરણે આનું નિરાકરણ નહીં લાવે તો ના છૂટકે બગસરામાં વેપારીઓએ ગાંધી ચિંધ્યા માર્ગે જવું પડશે તેવો બગસરાના લોકોમાં ગણગણાટ જોવા મળ્યો હતો. આ બાબતે અનેકવાર સ્થાનિક બગસરાના એન્જિનિયર, અધિકારીને રજૂઆત કરેલ છતાં આખ આડા કાન કરેલ. આ બાબતે લોકો દ્વારા વીજ તંત્ર પર ફિટકાર વરસાવવામાં આવી રહ્યો છે.

## ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આરબીઆઈનાં ગવર્નરને રજુઆત

# અમરેલી જિલ્લામાં બેંક દ્વારા ફોરક્લોઝર અને ચેક બાઉન્સનાં ડીપોઝિટરને લગાવવામાં આવતો ચાર્જ બંધ કરવા માંગ

**ચેક રીટર્ન કેસમાં ચેક ભરનારને ચાર્જ લેવાતો હોય નારાજગી વ્યકત કરી**

અમરેલી, તા. ૧૨

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રીઝર્વ બેંકમાં ગવર્નરને પત્ર પાઠવવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, છેલ્લા ઘણા વર્ષોથી બેન્ક દ્વારા અલગ અલગ પ્રકારના ગેરવ્યાજબ રીતે ચાજીર્સ વસુલ કરવામાં આવે છે જેના લીધે ઉદ્યોગકારો અને સામાન્ય માણસોને ખુબ તકલીફ પડી રહી છે. જયારે કોઈ વ્યકિતએ પેમેન્ટ કરવા માટે ચેક આપેલો હોઈ અને તે ચેક કોઈ પેઢી અથવા વ્યકિત દ્વારા પોતાના ખાતમાં જમા કરવામાં આવે ત્યારે જો સામે વાળાના ખાતામાં બેલેન્સ ન હોઈ ત ચેક બાઉન્સ થાય જેનો ચાર્જીસ ચેક ડિપોઝિટરની ઉપર પણ બેન્ક દ્વારા લગાડવામાં આવે છે. આ ચેક બાઉન્સનો ચાર્જીસ માત્ર જેના ખાતામાં બેલેન્સ ન હોઈ તેના પર જ લાગવો જોઈએ નહિ કે જે પેઢી અથવા વ્યકિત પોતાના ખાતામાં ચેક જમા કરાવે તેના ઉપર જેમાં ચેક ડિપોઝિટ કરવામાં જે–તે પેઢી અથવા વ્યકિતને પહેલા તો પોતાના પૈસા ચેક બાઉન્સ થવાના કારણથી સમયસર મળતા નથી અને તે ઉપરાંત તેના ઉપર પણ બેન્ક દ્વારા તેઓનો ચેક ન હોવા છતાં ચેક બાઉન્સ ચાર્જીસ લેવામાં આવે છે જે તદન ગેરવ્યાજબી છે.

વધુમાં જણાવેલ છે કે, હાલના સમયમાં કોઈ પણ પેઢી અથવા વ્યકિત દ્વારા કોઈપણ પ્રકારની લોન લેવામાં આવે અને ત્યારબાદ કોઈ પેઢી અથવા વ્યકિતને પોતાની લોન વહેલી ભરપાઈ કરી દેવાની હોઈ તો લોનના બાકી રહેતા નાણાં ઉપર બેન્કની મનમાની પ્રમાણે ફોરકલોઝર ચાર્જ લેવામાં આવે છે. કોઈપણ પેઢી અથવા વ્યકિત દ્વારા લોન લેવામાં આવે છે ત્યારે તેઓ શરૂઆતથી જ બેન્કના વ્યાજની ભરપાઈ કરતા હોઈ છે અને બેન્ક દ્વારા કોઈપણ સર્વિસ આપવામાં આવતી ન હોઈ અને બેન્કનો વહેવાર બરોબર ન હોઈ તેવા સંજોગોમાં જયારે તે પેઢી અથવા વ્યકિત પોતાની લોનને ભરપાઈ કરવા માંગે છે ત્યારે બેન્ક દ્વારા જે ફોરકલોઝર ચાર્જીસ લેવામાં આવે છે જે તદન ગેરવ્યાજબી છે. તો આ ચાર્જીસ વહેલી તકે બંધ કરવા અંતમાં માંગ કરેલ છે.

# અમરેલી : જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મોકૂફ

અમરેલી, તા.૧૨, સ્થાનિક સ્વરાજય ચૂંટણી ૨૦૨૫ હોય અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની ફેબ્રુઆરી ૨૦૨૫માં યોજાનાર બેઠક મોકૂફ રાખવામાં આવી છે. સંબંધિત પદાધિકારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓને તે અંગેની નોંધ લેવા અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેકટરએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૧૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪






ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦













કોળી શકિત યુવક મંડળ અમરેલી
આયોજીત ૪૦ મા સમુહલગ્ન
આગામી તા.૦૨-૦૩-૨૦૨૫
આ લગ્નોત્સવમાં ભાગ લેવા માંગતા ઉમેદવારોએ વહેલી તકે સંપર્ક કરવો લગ્ન ફી કન્યા પક્ષ રૂા.૧૨૫૦૦/- તેમજ વર પક્ષ રૂા.૧૨૫૦૦/- દરેકને કન્યાઓને વિના મૂલ્યે કરીયાવરની ૮૦ વસ્તુઓ મળશે.
સરકારી યોજના સમુહલગ્ન સાતફેરા તેમજ કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે. તો રજીસ્ટ્રેશન માટે...
સંપર્ક : પ્રમુખશ્રી રમેશભાઈ એસ.ગોહિલ
શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર, ફ્રુટ માર્કેટ, દુ.નં.બી/એફ-૧૩, પહેલો માળ, અમરેલી
મો.નં. ૯૩૭૪૭ ૩૪૮૨૦




PM મોદીએ ન્યૂ ઈન્ડિયાની વાર્તા સંભળાવી ત્યારે દુનિયાને આશ્ચર્ય

# PM મોદીએ ફ્રાન્સના રોકાણકારોને કહ્યું- ભારત આવવાનો આ સમય છે

**ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પણ મોદી સાથે પેરિસમાં ૧૪માં 'ભારત-ફ્રાન્સ સીઈઓ ફોરમ'માં હાજરી આપી હતી**

નવીદિલ્હી,૧૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સમાં AI સમિટની બાજુમાં ફ્રેન્ચ રોકાણકારોને આકર્ષિત કરતા સંબોધનમાં કહ્યું કે ભારત આવવાનો આ શ્રેષ્ઠ સમય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સની કંપનીઓને ભારતની વિકાસ ગાથાનો એક ભાગ બનીને અમર્યાદિત તકોનો વિચાર કરવા આમંત્રણ આપ્યું હતું. વડા પ્રધાને ફ્રાન્સની કંપનીઓને કહ્યું કે ભારતમાં રોકાણ કરવાનો આ 'યોગ્ય સમય' છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ મોદી સાથે પેરિસમાં ૧૪માં 'ભારત-ફ્રાન્સ સીઈઓ ફોરમ'માં હાજરી આપી હતી. મોદીએ તેમના સંબોધનમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે વધતા દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સહયોગ અને બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને આપેલા પ્રોત્સાહનનો ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત અને ફ્રાન્સ માત્ર લોકતાંત્રિક મૂલ્યોથી જોડાયેલા નથી, અમારી મિત્રતાનો પાયો ઊંડો વિશ્વાસ, નવીનતા અને જન કલ્યાણની ભાવના પર આધારિત છે. અમારી ભાગીદારી માત્ર બે દેશો સુધી મર્યાદિત નથી. અમે વૈશ્વિક સમસ્યાઓ અને પડકારોના ઉકેલ માટે સાથે મળીને કામ કરી રહ્યા છીએ. મારી છેલ્લી મુલાકાત દરમિયાન, અમે અમારી ભાગીદારી માટે '૨૦૪૭ રોડમેપ'ની રૂપરેખા આપી હતી. આ પછી, અમે દરેક ક્ષેત્રમાં વ્યાપકપણે સહકાર આપી રહ્યા છીએ.'' તેમણે એરોસ્પેસ, બંદરો, સંરક્ષણ, ઈલેક્ટ્રોનિક્સ, ડેરી, રસાયણો અને ઉપભોક્તા ચીજવસ્તુઓ જેવા ક્ષેત્રો તરફ ધ્યાન દોર્યું, જ્યાં ભારત-ફ્રાન્સ સહયોગ પહેલેથી જ ચાલી રહ્યો છે.ફ્રાન્સના ઉદ્યોગોને ભારતની વિકાસયાત્રામાં જોડાવા આમંત્રણ આપતાં વડાપ્રધાન મોદીએ કહ્યું, ''જ્યારે ફ્રાન્સની કાર્યક્ષમતા અને ભારતનો સહકાર એક સાથે આવે છે, જ્યારે ભારતની ઝડપ અને ફ્રાન્સની ચોકસાઈ એક સાથે આવે છે, જ્યારે ફ્રાન્સની ટેકનોલોજી અને ભારતની પ્રતિભા એક સાથે આવે છે. પછી માત્ર વ્યાપારનો માહોલ જ નહીં પણ વૈશ્વિક પરિવર્તન આવશે.પેરિસમાં ૧૪મા 'ઈન્ડિયા-ફ્રાન્સ સીઈઓ ફોરમ'માં PM મોદીએ ન્યૂ ઈન્ડિયાની વાર્તા સંભળાવી ત્યારે દુનિયાને આશ્ચર્ય થયું. નવા ભારતની તાકાત વિશે માહિતી આપતા પીએમ મોદીએ કહ્યું કે અમે અમારા દેશમાં ૧૨૦ નવા એરપોર્ટ ખોલવા જઈ રહ્યા છીએ. આનાથી તમે ભારતમાં નવી શક્યતાઓની કલ્પના કરી શકો છો. તમને જણાવી દઈએ કે પીએમ મોદીની સાથે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પણ ભાગ લીધો હતો. મોદીએ તેમના સંબોધનમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે વધતા દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સહયોગ અને બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને આપેલા પ્રોત્સાહનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સ્થિર રાજકારણ અને અનુમાનિત નીતિ મિકેનિઝમ પર આધારિત ભારત એક પસંદગીનું વૈશ્વિક રોકાણ સ્થળ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી દક્ષિણ ફ્રાન્સના માર્સેલી પહોંચ્યા. આ દરમિયાન, તેમણે સ્વતંત્રતા સેનાની વી.ડી. સાવરકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, જેમણે તે જ બંદર શહેરમાં ''હિંમતપૂર્વક ભાગી જવાનો પ્રયાસ'' કર્યો હતો. મંગળવારે રાત્રે (સ્થાનિક સમય) ત્યાં પહોંચ્યા પછી, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યું, ''હું માર્સેલી પહોંચી ગયો છું. ભારતની આઝાદીની લડાઈમાં આ શહેરનું વિશેષ મહત્વ છે. અહીં જ મહાન બહાદુર સાવરકરે ભાગી જવાનો હિંમતભર્યો પ્રયાસ કર્યો હતો.'' તેમણે કહ્યું, ''હું માર્સેલીના લોકો અને તે સમયના ફ્રેન્ચ કાર્યકરોનો પણ આભાર માનું છું જેમણે તેમને બ્રિટિશ કસ્ટડીમાં ન સોંપવાની માંગ કરી હતી. વીર સાવરકરની બહાદુરી પેઢીઓને પ્રેરણા આપતી રહેશે.

ઈસ્લામાબાદમાં ૪૬ મિનિટ સુધી ખળભળાટ મચી ગયો

# ફ્રાંસ જતા PM મોદીનું પ્લેન પાકિસ્તાનમાં ઘૂસ્યું

**પ્લેન ''ઈન્ડિયા ૧'' શેખપુરા, હાફિઝાબાદ, ચકવાલ અને કોહાટથી પાકિસ્તાની ક્ષેત્રમાં પ્રવેશ્યું અને ૪૬ મિનિટ સુધી પાકિસ્તાની ક્ષેત્રમાં રહ્યું.**

નવીદિલ્હી,૧૨

પીએમ નરેન્દ્ર મોદીનું પ્લેન ''ઈન્ડિયા ૧'' શેખપુરા, હાફિઝાબાદ, ચકવાલ અને કોહાટથી પાકિસ્તાની ક્ષેત્રમાં પ્રવેશ્યું અને ૪૬ મિનિટ સુધી પાકિસ્તાની ક્ષેત્રમાં રહ્યું.નવી દિલ્હીથી ફ્રાન્સ માટે ટેકઓફ કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિમાન કોઈ જાણ કર્યા વગર પાકિસ્તાનમાં ઘુસી ગયું હતું. પીએમ મોદીનું પ્લેન લગભગ ૪૬ મિનિટ સુધી પાકિસ્તાનની એર સ્પેસમાં રહ્યું હતું. જેના કારણે ઈસ્લામાબાદમાં ખળભળાટ મચી ગયો હતો. ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિમાને નવી દિલ્હીથી પેરિસની તેમની મુલાકાત દરમિયાન પાકિસ્તાનની એરસ્પેસનો ઉપયોગ કર્યો હતો.રિપોર્ટ અનુસાર, પીએમ નરેન્દ્ર મોદીનું પ્લેન ''ઈન્ડિયા ૧'' શેખપુરા, હાફિઝાબાદ, ચકવાલ અને કોહાટથી પાકિસ્તાની ક્ષેત્રમાં પ્રવેશ્યું અને ૪૬ મિનિટ સુધી પાકિસ્તાની ક્ષેત્રમાં રહ્યું. ઘટનાક્રમની નજીકના સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે અફઘાન એરસ્પેસ બંધ થવાને કારણે ભારતીય પીએમના વિમાનને પરવાનગી આપવામાં આવી હતી. આ પહેલીવાર નથી જ્યારે ભારતીય પીએમ નરેન્દ્ર મોદીના વિમાને પાકિસ્તાની એરસ્પેસનો ઉપયોગ કર્યો હોય. ગયા વર્ષે ઓગસ્ટમાં પોલેન્ડથી દિલ્હીની મુલાકાત દરમિયાન મોદીના વિમાને પાકિસ્તાનની એરસ્પેસનો પણ ઉપયોગ કર્યો હતો.નવી દિલ્હીથી ટેકઓફના દિવસે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું વિમાન લગભગ ૧૧ વાગ્યે પાકિસ્તાનની સરહદમાં પ્રવેશ્યું અને ૪૬ મિનિટ સુધી દેશની સરહદમાં રહ્યું. આ પહેલા નરેન્દ્ર મોદી યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને મળવા કિવ જતા પોલેન્ડની રાજધાની વોર્સોની મુલાકાતે ગયા ત્યારે તેમનું વિમાન પણ પાકિસ્તાનમાંથી પસાર થયું હતું. પાકિસ્તાને માર્ચ ૨૦૧૯ માં નાગરિક ફ્લાઈટ્સ માટે તમામ એરસ્પેસ પ્રતિબંધો હટાવી દીધા અને તેના પ્રદેશ પર એક મહત્વપૂર્ણ ટ્રાન્ઝિટ એર કોરિડોર ફરીથી ખોલ્યો.

દિલ્હીમાં સરકાર બદલાતાં જ મોટી કાર્યવાહી

# પરિવહન વિભાગના ૬ અધિકારીઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી

**આ તમામને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. વિભાગમાં વ્યાપક ભ્રષ્ટાચાર સામે એજન્સીને ફરિયાદો મળી રહી હતી**

નવીદિલ્હી,૧૨

દિલ્હીમાં સરકાર બદલાતાંની સાથે જ પરિવહન વિભાગના ૬ અધિકારીઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. CBIએ ભ્રષ્ટાચાર અને લાંચના આરોપમાં દિલ્હી પરિવહન વિભાગના ૬ અધિકારીઓની ધરપકડ કરી છે. અધિકારીઓએ બુધવારે જણાવ્યું કે, તાજેતરની ચૂંટણીમાં સત્તારુઢ આમ આદમી પાર્ટીની હાર પછી રાજધાનીમાં આ પહેલી મોટી કાર્યવાહી છે. મંગળવારે સાંજે આ તમામને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. વિભાગમાં વ્યાપક ભ્રષ્ટાચાર સામે એજન્સીને ફરિયાદો મળી રહી હતી.

આ મામલે CBI એ જણાવ્યું કે, ધરપકડ કરતાં પહેલા ફરિયાદોનું નિરીક્ષણ અને ચકાસણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ફરિયાદોની ચકાસણીમાં પ્રથમ દષ્ટિએ વિવિધ સ્તરે ભ્રષ્ટાચારના સંકેતો મળ્યા છે, જેના પગલે અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. હાલમાં આ તમામની પૂછપરછ ચાલી રહી છે.

એક અહેવાલ પ્રમાણે CBIના સૂત્રોએ જણાવ્યું કે, ગઈકાલે સાંજે દિલ્હી પરિવહન વિભાગના અધિકારીઓની અટકાયત કરવામાં આવી છે. આ તમામે ખાખી વર્દી પહેરી હતી. તેઓ વર્દીનો દુરુપયોગ કરી રહ્યા હતા. તેઓ રસ્તાઓ પર દોડતા વાહનો પાસેથી ચલણ વસૂલતા હતા. આ જ આરોપો પર CBIએ તેમની સામે તપાસ શરુ કરી હતી. CBIને જાણવા મળ્યું કે ૬ T૪ અને T૫ સ્તરના કર્મચારીઓ સામે ભ્રષ્ટાચારના આરોપો પ્રથમ દષ્ટિએ સાચા હતા. ત્યારે હવે આજે સવારે તેમની ધરપકડ કરવામાં આવી હતી.

એજન્સીનું કહેવું છે કે, ભ્રષ્ટાચારના કેસમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. પરિવહન વિભાગના અધિકારીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. ત્યારબાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. એજન્સી તેમની કસ્ટડી માંગશે. તપાસ બાદ ખબર પડશે કે, તેઓ લાંચ પોતે લઈ રહ્યા હતા કે કોઈ ઉચ્ચ અધિકારીને આપી રહ્યા હતા. CBIનું કહેવું છે કે આ એક મોટી કાર્યવાહી છે.

ટ્રમ્પને મોટો ઝટકો

# અરબ દેશો ગાઝા અંગેનો પ્લાન સ્વીકારવા તૈયાર નથી, જોર્ડને ખરીખોટી સંભળાવી

**અરબ લીગના મહાસચિવ અહમદ અબુલ ગેતે દુબઈમાં યોજાયેલી વર્લ્ડ ગવર્મેન્ટ સમિટમાં કહ્યું હતું કે, 'પેલેસ્ટિનિયનોને ગાઝા અને વેસ્ટ બેંકમાં વિસ્થાપિત કરવા એ અરબ દેશોને અસ્વીકાર્ય છે**

નવીદિલ્હી,૧૨

તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝા પ્લેન રજુ કર્યો હતો. જેને લઈને અરબ દુનિયાએ તીખી પ્રતિક્રિયા આપી છે. અરબ લીગના મહાસચિવ અહમદ અબુલ ગેતે દુબઈમાં યોજાયેલી વર્લ્ડ ગવર્મેન્ટ સમિટમાં કહ્યું હતું કે, 'પેલેસ્ટિનિયનોને ગાઝા અને વેસ્ટ બેંકમાં વિસ્થાપિત કરવા એ અરબ દેશોને અસ્વીકાર્ય છે. અરબ દુનિયા છેલ્લા ૧૦૦ વર્ષથી આ વિચાર સામે લડતા રહી છે.' આ સિવાય જોર્ડનના કિંગ અબ્દુલ્લા દ્રિતીયએ પણ ટ્રમ્પને સાથે બેઠકમાં જણાવ્યું હતું કે, 'મારો દેશ પેલેસ્ટિનિયનોને વિસ્થાપિત કરવા અંગેના કોઈ પણ પ્રયાસને સ્વીકારશે નહીં. અમે માનવીય આધારે ૨૦૦૦ બિમાર બાળકોને શરણ આપીશું.' કિંગ અબ્દુલ્લા દ્રિતીયનું આ નિવેદન એવા સમયે આવ્યું છે કે જયારે ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝા પર અમેરિકા નિયંત્રણ મેળવી શકે છે તેવું નિવેદન આપ્યું હતું અને ત્યાં એક પ્રવાસન સ્થળ બનાવવાની વાત કહી હતી. આ વાત પેલેસ્ટિનિયનોને પોતાના જ ઘરમાંથી બહાર કાઢી નાખવા માટેની છે. જે અરબ દેશોને કોઈ પણ સંગોજોમાં સ્વીકાર્ય નથી. ટ્રમ્પે બેઠકમાં કિંગ અબ્દુલ્લાને કહ્યું હતું કે, 'અમે ગાઝા પર નિયંત્રણ મેળવીશું અને તેને જાળવી રાખીશું. જો કે, હું વ્યક્તિગત રીતે ત્યાં કોઈ રિયલ એસ્ટેટમાં રોકાણ કરીશ નહીં.'

ડોનાલ્ડ ટ્રમ્પને સમજાવવાની કોશિશ કરતા કિંગ અબ્દુલ્લાહે કહ્યું હતું કે, ઈજીપ્ત આ મુદાને લઈને એક વ્યાપક યોજના બનાવી રહ્યું છે. આપણે રાહ જોવી જોઈએ કે ઈજીપ્ત શું પ્રસ્તાવ લાવે છે અને પછી અમે રિયાધમાં આ પ્રસ્તાવ અંગે ચર્ચા કરીશું.' ઈજીપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતહ અલ સીસીએ પણ ગાઝાનું પુનર્નિર્માણ કરવાનું સમર્થન કર્યું હતું. પરંતુ પેલેસ્ટિનિયનોને વિસ્થાપિત કરવાની યોજનાને સ્પષ્ટપણે નકારી કાઢી હતી. હકીકતમાં જોર્ડનને અમેરિકા પાસેથી દર વર્ષે લગભગ ૪૫૦ મિલિયન ડોલરની આર્થિક મદદ અને ૩૫૦ મિલિયન ડોલરની સૈન્ય મદદ મળે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ટ્રમ્પ આ મદદને રોકવાની ધમકી આપીને જોર્ડન અને અન્ય અરબ દેશો પર દબાણ વધારી રહ્યા છે. જો કે, કિંગ અબ્દુલ્લાએ સંકેત આપ્યો છે કે, 'અમારા દેશનું વલણ મક્કમ છે.' હવે બધાની નજર આગામી રિયાધ બેઠક પર ટકેલી છે, જ્યાં ટ્રમ્પના આ વિવાદાસ્પદ પ્રસ્તાવ પર આરબ દેશો તેમની વ્યૂહનીતિ નક્કી કરશે

શું ફરી એક વાર ઠંડીનો રાઉન્ડ આવશે?

# દેશનું હવામાનમાં થઇ શકે છે ફેરફાર અનેક રાજ્યોમાં વરસાદ ખાબકશે

નવી દિલ્હી,૧૨

હવામાન સતત બદલાઈ રહ્યું છે. ઉત્તર ભારતમાં ઠંડીની લગભગ વિદાય થઈ ચુકી છે. આવું એટલા માટે કેમ કે હળવી ઠંડી હવે ફક્ત સવાર અને સાંજે જ દેખાય છે.

આખો દિવસ તડકો રહેવાના કારણે ગરમી અનુભવાઈ રહી છે. ફેબ્રુઆરી મહિનામાં આવી ગરમી મે જૂનમાં પડવાની ગરમીના સંકેતો આપી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, જમ્મુ કાશ્મીર અને અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષા થઈ, તો વળી સિક્કિમ, આસામ અને પશ્ચિમ રાજસ્થાનમાં હળવો વરસાદ નોંધાયો. ઓડિશાના અમુક ભાગમાં ગાઢ ધુમ્મસ જોવા મળી હતી.

હવામાન વિભાગે પૂર્વી ભારતના અમુક રાજ્યોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. સ્કાઈમેટ વેદરના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાકની અંદર, અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષાની સાથે એક બે જગ્યા પર ભારે વરસાદ અથવા બરફવર્ષા થઈ શકે છે. તો વળી ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, લદાખ, જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના અમુક ભાગમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષા, આસામ, સિક્કિમ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ થઈ શકે છે.સ્કાઈમેટ વેદરના રિપોર્ટ અનુસાર, આ સમયે એક પશ્ચિમ વિક્ષોભ એક્ટિવ છે. તેના કારણથી રાજસ્થાન અને તેની આજુબાજુના વિસ્તારમાં એક ચક્રવાતી પરિસંચરણ બનેલું છે. પૂર્વોત્તર બાંગ્લાદેશમાં પણ ચક્રવાતી હવાઓનો પ્રભાવ જોવા મળી શકે છે. વેબસાઈટના અનુસાર, પૂર્વી ભારતના અમુક રાજ્યોમાં ન્યૂનતમ તાપમાનમાં આગામી ૨૪ કલાક દરમ્યાન વધારો થશે. પણ ત્યાર બાદ ઘટાડો થઈ શકે છે. ઉત્તર પશ્ચિમી અને મધ્ય ભારતના ન્યૂનતમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નહીં થાય.

આગામી ૪૮ કલાકમાં દેશના સાત રાજ્યો, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર અને ત્રિપુરામાં ક્યાંકને ક્યાંક વરસાદ થવાની સંભાવના છે. તો વળી પશ્ચિમ બંગાળમાં પણ હળવો વરસાદ થઈ શકે છે. અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને બરફવર્ષાથી હવામાનમાં બદલાવ જોવા મળશે.

મુંબઈ પોલીસને આવ્યો કોલ

# અમેરિકાના પ્રવાસ પૂર્વે PM મોદીના વિમાન પર હુમલાની ધમકી

**આતંકવાદી વડાપ્રધાન મોદીના વિમાન પર હુમલો કરી શકે છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે અન્ય એજન્સીઓને જાણ કરી અને તપાસ હાથ ધરી હતી**

નવીદિલ્હી,૧૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ફ્રાન્સના પ્રવાસે છે. ત્યારબાદ તેઓ અમેરિકા માટે રવાના થશે. ત્યારે હવે પીએમ મોદીના બે દિવસીય અમેરિકા પ્રવાસ પહેલા તેમના વિમાનને આતંકવાદી હુમલાની ધમકી મળી છે. 'મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં એક ધમકીભર્યો કૉલ આવ્યો હતો, તેમાં ચેતવણી આપવામાં આવી કે, આતંકવાદી વડાપ્રધાન મોદીના વિમાન પર હુમલો કરી શકે છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે અન્ય એજન્સીઓને જાણ કરી અને તપાસ હાથ ધરી હતી. આ મામલે મુંબઈ પોલીસે જણાવ્યું કે, 'મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં ધમકીભર્યો કૉલ કરનાર વ્યક્તિની ચેમ્બુર વિસ્તારમાંથી અટકાયત કરી લેવામાં આવી છે. આ વ્યક્તિ માનસિક રીતે બીમાર છે.'

અગાઉ પણ પીએમ મોદીને મળી ચૂકી છે ધમકી

આ પહેલી વાર નથી જ્યારે પીએમ મોદીને આ પ્રકારની ધમકી મળી છે. આ પહેલા પણ પીએમ મોદીને ઘણી વાર જાનથી મારી નાખવાની ધમકી મળી ચૂકી છે.

- ૨૦૨૪: મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં એક ધમકીભર્યો કોલ આવ્યો હતો.

- ૨૦૨૩: હરિયાણાના એક વ્યક્તિએ વીડિયો વાયરલ કરીને મોદીને ગોળી મારવાની ધમકી આપી હતી.

- ૨૦૨૨: જેવિયર નામના વ્યક્તિએ પીએમ મોદીને ધમકી આપી હતી.

ફ્રાન્સ-અમેરિકાના પ્રવાસ પર પીએમ મોદી

પીએમ મોદી ૧૦ ફેબ્રુઆરીએ પેરિસ પહોંચ્યા હતા અને સાંજે તેમણે એલિસ પેલેસમાં પ્રમુખ મેક્રોન સાથે ડિનર કર્યું હતું. આ દરમિયાન ઘણી મોટી ટેકનિકલ કંપનીઓના CEO પણ હાજર રહ્યા હતા. ત્યારબાદ તેમણે ૧૧ ફેબ્રુઆરીએ છેં એક્શન સમિટની સહ-અધ્યક્ષતા કરી. ત્યારપછી પીએમ મોદી બુધવારે અમેરિકા પહોંચશે. તેમનો અમેરિકા પ્રવાસ બે દિવસનો રહેશે, જ્યાં તેઓ ૧૨થી ૧૪ ફેબ્રુઆરી સુધી રહેશે.

ગ્રીનલેન્ડના જવાબમાં કેલિફોર્નિયા ખરીદવા તૈયાર

# ૬૦ લાખની વસતી ધરાવતા દેશે ટ્રમ્પની ઠેકડી ઉડાડી

**ડેન્માર્કના ૨ લાખથી વધુ નાગરિકોએ એક અરજી પર હસ્તાક્ષર કર્યા છે જેમાં તેમણે અમેરિકા પાસેથી કેલિફોર્નિયા ખરીદવાની વાત કરી છે**

નવીદિલ્હી,૧૨

ગત મહિને અમેરિકાના પ્રમુખ પદ પર પાછા ફર્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાને ૫૧મું અમેરિકન રાજ્ય બનાવવાની વાત કરી, પનામા કેનાલને પોતાના કબજામાં લેવાનું સૂચન કર્યું, ગાઝા પર અમેરિકાના નિયંત્રણની યોજના બનાવી અને ગ્રીનલેન્ડને ખરીદવાનો પ્રયાસ કર્યો. તેમના આ નિર્ણયોનો ઘણો વિરોધ પણ થયો. કેનેડા અને ચીને પણ ટ્રમ્પના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. પરંતુ હવે આ વચ્ચે ૬૦ લાખની વસતી ધરાવતો દેશ ડેન્માર્કે ટ્રમ્પની ઠેકડી ઉડાડી છે. ગ્રીનલેન્ડ ખરીદવાની ટ્રમ્પની ધમકી વચ્ચે ડેનમાર્કે અમેરિકાના રાજ્ય કેલિફોર્નિયાને ખરીદવાની ધમકી આપી છે.

ડેન્માર્કના ૨ લાખથી વધુ નાગરિકોએ એક અરજી પર હસ્તાક્ષર કર્યા છે જેમાં તેમણે અમેરિકા પાસેથી કેલિફોર્નિયા ખરીદવાની વાત કરી છે. આ અરજીમાં લખ્યું છે કે, 'શું તમે ક્યારેય કોઈ નકશાને જોઈને વિચાર્યું છે, તમને ખબર છે, ડેનમાર્કને વધુ સૂર્યપ્રકાશ, પામ વૃક્ષો અને રોલર સ્કેટની જરૂર છે. આપણી પાસે આ સ્વપ્નને સાકાર કરવાની એક તક છે. ચાલો આપણે ડોનાલ્ડ ટ્રમ્પ પાસેથી કેલિફોર્નિયા ખરીદીએ!'આ અરજીની વેબસાઈટ ઉપર એક નારો લખ્યો છે- 'સ્ઠી ઝઠ્ઠક્ષૈર્કહિદ્ઘ યીદ્વં ઠ્ઠપ્ન્ઠ્ઠૈહ'. આ નારો ટ્રમ્પ પર એક કટાક્ષ છે. કારણ કે, તેઓ પોતાના પ્રચારમાં 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન'નો દાવો કરતા રહ્યા છે. આ અરજીમાં આગળ કહેવામાં આવ્યું છે કે, આ લોકો કેલિફોર્નિયાને 'ન્યૂ ડેન્માર્ક' બનાવવા માગે છે.

અરજીમાં લખ્યું છે કે, 'અમે હોલિવૂડમાં આરામદાયક જીવન વિતાવીશું, બેવર્લી હિલ્સમાં સાઈકલ લેન બનાવીશું અને દરેક રસ્તાના ખૂણા પર ઓર્ગેનિક સ્મોર્સબ્રેડ લાવીશું. ડેન્માર્કના લોકોએ કહ્યું કે, 'ટ્રમ્પ હંમેશા કેલિફોર્નિયાની વિરુદ્ધ રહ્યા છે. પરંતુ આ રાજ્ય ખરીદ્યા પછી, અમે તેને એક નવી ઓળખ આપીશું.'

તાજેતરમાં ટ્રમ્પના ગ્રીનલેન્ડ ખરીદવાનાનિવેદન અંગે લોકમત યોજાયો હતો. તેમાં લગભગ ૮૫% લોકોએ અમેરિકા સાથે જવાનો ઈનકાર કરી દીધો હતો. આ સર્વે ડેન્માર્કના ન્યૂઝ પેપર બર્લિંગસ્ક દ્વારા પોલસ્ટર વેરિયને કર્યો હતો, જે દર્શાવે છે કે માત્ર ૬% લોકો એવા છે જે અમેરિકા સાથે જવા માગે છે. બીજી તરફ સર્વેમાં ૯% લોકોએ અમેરિકા સાથે જવા અંગે પોતાનો અભિપ્રાય આપવાનો ઈનકાર કરી દીધો.

બરફથી ઢંકાયેલો નાનો દેશ ગ્રીનલેન્ડ ૧૯૫૩ સુધી ડેનમાર્કની વસાહત હતો. આ ટાપુ દેશ પર હજુ પણ ડેનમાર્કનું નિયંત્રણ છે પરંતુ ૨૦૦૯થી ત્યાં સેમી-ઓટોનોમસ સરકાર છે. સ્થાનિક નીતિઓથી લઈને અન્ય બાબતો પર ગ્રીનલેન્ડ સરકાર જ નિર્ણયો લે છે. પરંતુ સંરક્ષણ અને વિદેશી બાબતો પર નિર્ણય લેવાનો અધિકાર ડેન્માર્ક પાસે છે. ગ્રીનલેન્ડને તેની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે પણ સંઘર્ષ કરવો પડે છે. પરંતુ ગ્રીનલેન્ડના બહાને અમેરિકા સમગ્ર આર્કટિક ક્ષેત્રમાં પોતાનો હસ્તક્ષેપ વધારવા માંગે છે. આ હેતુ માટે તેમણે વારંવાર તેને અમેરિકામાં સમાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

૧૩ ફેબ્રુઆરી, ''સરોજિની નાયડુ જન્મજયંતી''

# હું મરવા માટે તૈયાર નથી, કારણ કે જીવવા માટે અનંત હિંમતની જરૂર છે : સરોજિની નાયડુ

અમરેલી, તા. ૧૨



સરોજિની નાયડુનો જન્મ ૧૩ ફેબ્રુઆરી, ૧૮૭૯નાં રોજ હૈદરાબાદનાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેઓ ભારતનાં પ્રથમ મહિલા રાજયપાલ હતાં. તેમના પિતાનું નામ અઘોરીનાથ ચટ્ટોપાધ્યાય હતું, જેઓ વિદ્વાન, વૈજ્ઞાનિક, તત્ત્વજ્ઞ, સમાજ સુધારક અને કેળવણીકાર હતા. સરોજિની નાયડુનાં માતાનું નામ વરદાસુંદરીદેવી હતું. સરોજિની નાયડુ ૧૨ વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પાસ કરીને મદ્રાસમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા હતા ત્યારબાદ ૧૮૯૫માં તેઓએ ઈંગ્લેન્ડમાં લંડનની 'કિંગ્ઝ કોલેજ' અને 'કેમ્બ્રિજની ગિરટન' કોલેજમાં વિદ્યાભ્યાસ કર્યો. તેઓ ૧૪ વર્ષની વયે ગોવિંદા રાજુલુ નાયડુ સાથે પરિચયમાં આવ્યા હતા અને ૧૮૯૮માં સરોજિનીએ નાયડુ સાથે 'સિવિલ મરેજ' કર્યા હતા. એમને ચાર સંતાનો હતા : જયસૂર્ય, પદ્મજા, રણધીર અને લીલામણિ. તે કવિતાઓ પણ લખતા હતાં. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'હીરાની ઉંબર' ઈ.સ. ૧૯૦૫માં બહાર પડ્યો. તેમણે 'ધ લેડી ઓફ ડ લેક' શીર્ષક હેઠળ ૧૩૦૦ પંકિતઓની કવિતા તથા ૨૦૦૦ પંકિતઓનું નાટક લખ્યું હતું. તેમણે 'ધ ગોલ્ડન થ્રેશેલ્ડ', 'ધ બર્ડ ઓફ ટાઈમ' અને 'ધ બ્રોકન વિંગ' નામનાં કાવ્યસંગ્રહો પણ લખ્યા હતાં.

ઈ.સ. ૧૯૦૮માં મદ્રાસમાં મળેલા વિધવા પુનઃલગ્ન માટેનાં અધિવેશનમાં તેમણે સ્ત્રીઓને જાગૃત કરવા અથાગ પરિશ્રમ કર્યો હતો. ૧૯૧૪માં ગાંધીજીને મળ્યા અને તેમના જીવનમાં પરીવર્તન આવ્યું અને તેઓ સ્ત્રીસેવા, સમાજસેવા અને સત્યાગ્રહની લડતમાં ગળાબૂડ ડૂબી ગયા. ઈ.સ. ૧૯૧૫થી ૧૯૧૮સુધી તેમણે ભારતનાં વિવિધ ગામડાં અને શહેરોમાં કલ્યાણ, શ્રમનું ગૌરવ, મહિલાઓની મુશ્કેલીઓની મુકિત તથા રાષ્ટ્રવાદ પર પ્રવચનો આપતા હતા. તેમણે મોટેગ્યુંચેમ્સ્ફર્ડનો સુધારા અને રોલેટ એક્ટનો પણ ખૂબ વિરોધ કર્યો હતો. જયારે હૈદરાબાદની મૂસી નદીમાં પૂર આવ્યું હતું ત્યારે સરોજિની નાયડુએ રાહતકાર્યોનું આયોજન કર્યું હતું. તે બદલ બ્રિટિશ સરકારે એમને 'કૈસર–એ–હિંદ' ખિતાબ અને સુવર્ણચંદ્રકથી સન્માનિત કર્યા હતા. બ્રિટિશ સરકારનાં ભારતીયો પ્રત્યેનાં અન્યાયી અને કઠોર વર્તનથી યાતના અનુભવતાં તેમણે આ ખિતાબ અને સુવર્ણચંદ્રક સરકારને પરત કર્યા હતા. ૧૯૪૨નાં હિન્દ છોડો આંદોલનમાં ભાગ લઈ તેમણે ૨૧ મહિનાની જેલની સજા ભોગવી હતી. તેમણે પોતાનું સમગ્ર જીવનસાહિત્યની અને લોકોની સેવા કરવામાં જ વિતાવ્યું હતું. વિની દરેક નારી કે જે પોતાના જીવનમાં કશુંક કરવા માંગે છે તેમને માટે સરોજિની નાયડુએ એક શ્રેષ્ઠત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું છે.

હું મરવા માટે તૈયાર નથી, કારણ કે જીવવા માટે અનંત હિંમતની જરૂર છે. – સરોજિની નાયડુ

– મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

પીએમ મોદી સાથે એક વિચિત્ર ઘટના બની

# ફ્રાન્સ પ્રમુખ મેક્રૌંએ પીએમ મોદીનું અપમાન કર્યુ

**યુએનના મહાસચિવ સાથે હાથ મિલાવતા દેખાય છે પણ આ દરમિયાન જ પીએમ મોદી જે તેમની તરફ હાથ મિલાવવા હાથ આગળ કરે છે ત્યારે તેમના પર મેક્રૌં ધ્યાન જ નથી આપતા**

નવીદિલ્હી,૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી AI ઍક્શન સમિટમાં સામેલ થવા માટે ફ્રાન્સ પહોંચ્યા હતા. ત્યાં તેમણે સમિટને સંબોધી પણ હતી. જોકે આ દરમિયાન એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જે AI ઍક્શન સમિટ શરુ થઈ તે પહેલાંનો છે, જેમાં ફ્રાન્સના પ્રમુખ મેક્રૌં વિવિધ દેશોના મહેમાનો અને દિગ્ગજો સાથે હાથ મિલાવીને તેમનું અભિવાદન કરી રહ્યા હતા. જોકે આ દરમિયાન પીએમ મોદી સાથે એક વિચિત્ર ઘટના બની જે કેમેરામાં કેદ થઈ ગઈ. આમ તો એવા અનેક વીડિયો છે જેમાં પીએમ મોદી અને ફ્રાન્સ પ્રમુખ મેક્રૌં એકબીજાની સાથે દેખાઈ રહ્યા છે અને ગળે ભેટતાં પણ દેખાઈ રહ્યા છે. જોકે એક વીડિયો એવો સામે આવ્યો છે જેમાં મેક્રૌં અન્ય કેટલાક દેશો અને યુએનના મહાસચિવ સાથે હાથ મિલાવતા દેખાય છે પણ આ દરમિયાન જ પીએમ મોદી જે તેમની તરફ હાથ મિલાવવા હાથ આગળ કરે છે ત્યારે તેમના પર મેક્રૌં ધ્યાન જ નથી આપતા અને અન્ય લોકો સાથે હાથ મિલાવીને આગળ નીકળી જાય છે. આ ઘટનાને પીએમ મોદી અને ભારતીયોનું અપમાન માનવામાં આવી રહ્યું છે. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ અનેક લોકો આ મામલે પ્રતિક્રિયા આપીને તેને ભારતીયોનું પણ અપમાન ગણાવી ફ્રાન્સના પ્રમુખની ટીકા કરવા લાગ્યા છે.

### અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હમાસને આકરી ભાષામાં ચેતવણી

# હમાસ શનિવાર સુધી બંધકોને મુક્ત નહીં કરે તો, ગાઝામાં બધું બરબાદ થઈ જશેઃ ટ્રમ્પ

**ટ્રમ્પે કહ્યું કે જો શનિવારે ૧૨ કલાક સુધી તમામ બંધકોને છોડાશે નહીં તો મને લાગે છે કે સીઝફાયરની સમજૂતિનો કરાર રદ કરી દેવો જોઈએ**

વોશિંગ્ટન, તા.૧૨

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પેલેસ્ટાઈનના ઉગ્રવાદી સંગઠન હમાસને આકરી ધમકી આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, જો શનિવાર સુધી હમાસ ઈઝરાયેલના અપહરણ કરાયેલા નાગરિકોને છોડશે નહીં તો ગાઝામાં બધુંય બરબાદ થઈ જશે.આ સાથે, ટ્રમ્પે કહ્યું કે જો શનિવારે ૧૨ કલાક સુધી તમામ બંધકોને છોડાશે નહીં તો મને લાગે છે કે સીઝફાયરની સમજૂતિનો કરાર રદ કરી દેવો જોઈએ. જોકે, ટ્રમ્પે ઓવલ ઓફિસમાં મીડિયા સમક્ષ કહ્યું કે, સીઝફાયર ચાલુ રાખવો કે બંધ કરવો એ નિર્ણય ઈઝરાયેલે લેવાનો છે.

પરંતુ બાકીના તમામ બંધકોને એક સાથે જ મુક્ત કરવા જોઈએ, નહીં કે ત્રણ-ચાર જૂથમાં. અમે તમામ બંધકોને એક સાથે મુક્ત કરવામાં આવે તેમ ઈચ્છીએ છીએ. જોકે હું આ વાત ફક્ત મારા તરફથી કહી રહ્યો છું. ટ્રમ્પનું કહેવું છે કે એ શનિવાર સુધીની સમયમર્યાદાને લઈને એ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે વાતચીત કરશે. જોકે, આ અંગે વધુ માહિતી આપી નથી. હમાસે ખુદે સમજી જશે કે હું શું કહેવા ઈચ્છું છું.આ પહેલા ટ્રમ્પે ગાઝા પર કબજો કરીને ત્યાં સિટી રિસોર્ટ બનાવવાની વાત કહી છે. ત્યારે ટ્રમ્પે કહ્યું હતું કે પેલેસ્ટાઈનના લોકોને ગાઝામાંથી વિસ્થાપિત કરીને જોર્ડન અને ઈજીપ્તમાં વસાવવા જોઈએ. જોકે, જોર્ડન અને ઈજીપ્ત બંને ટ્રમ્પના આ પ્લાનનો વિરોધ કર્યો હતો.

### ભારત માટે AI અંગે થઈ ચર્ચા

# PM નરેન્દ્ર મોદીએ ગૂગલના CEO સુંદર પિચાઈ સાથે મુલાકાત કરી

**આલ્ફાબેટના સીઈઓએ ગૂગલ અને ભારત સાથે દેશના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અંગે ચર્ચા કરી હતી**

પેરિસ,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ સાથે મુલાકાત કરી હતી. આ બંને પેરિસમાં ચાલી રહેલા AI એક્શન સમિટમાં પહોંચ્યા હતા. જો કે, તેમની બેઠક AI સમિટથી અલગ હતી. આ દરમિયાન બંને વચ્ચu AI ના કારણે ભારતમાં આવનારી તકો વિશે ચર્ચા થઈ હતી. આ મીટિંગ દરમિયાન, આલ્ફાબેટના સીઈઓએ ગૂગલ અને ભારત સાથે દેશના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અંગે ચર્ચા કરી હતી. મંગળવારે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સ સાથે પેરિસમાં આયોજિત AI એક્શન સમિટની સહ-અધ્યક્ષતા કરી હતી.

પીએમ મોદીને મળ્યા બાદ સુંદર પિચાઈએ એક્સ પર એક ફોટો પોસ્ટ કર્યો હતો. તેણે લખ્યું, 'પેરિસમાં AI એક્શન સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. અમે AIને કારણે ભારતમાં આવનારી તકો અને ભારતના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પર અમે કેવી રીતે સાથે મળીને કામ કરી શકીએ તેની ચર્ચા કરી હતી.પીએમ મોદીએ સુંદર પિચાઈની આ પોસ્ટનો જવાબ આપ્યો હતો. તેણે લખ્યું, 'ભારત એઆઈના ક્ષેત્રમાં સારી રીતે પ્રગતિ કરી રહ્યું છે અને તેનો ઉપયોગ લોકોના લાભ માટે કરી રહ્યું છે. અમે વિશ્વને ભારતમાં રોકાણ કરવા અને અમારી યુવા શક્તિ પર દાવ લગાવવા વિનંતી કરીએ છીએ' તેણે એમ પણ લખ્યું કે સુંદર પિચાઈને મળીને આનંદ થયો. તમને જણાવી દઈએ કે આ પહેલા બંને સપ્ટેમ્બર ૨૦૨૪માં ન્યૂયોર્કમાં મળ્યા હતા. તે સમયે વડાપ્રધાન અમેરિકામાં ક્વાડ સમિટમાં પહોંચ્યા હતા. મંગળવારે પેરિસમાં આયોજિત AI એક્શન સમિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત ટૂંક સમયમાં તેનું એલએલએમ શરૂ કરશે.

પેરિસમાં AIની કામગીરી, ઉપયોગ અને વિકાસ અંગે આ સમિટ યોજાઈ હતી. પીએમ મોદીએ છેં માટે વૈશ્વિક ઓપન સોર્સ ફ્રેમવર્ક બનાવવાની વાત કરી, જે વિશ્વાસ અને પારદર્શિતામાં સુધારો કરશે. તેમણે એમ પણ કહ્યું કે સ્થાનિક ઈકોસિસ્ટમમાં ટેક્નોલોજી વિકસાવવી જોઈએ, જેથી તે અસરકારક અને મદદરૂપ બને.

### સાંસદ અને ધારાસભ્ય આમને-સામને

# ચોરવાડ નપાની ચૂંટણી જીતવા બે દિગ્ગજો વચ્ચે જોરદાર જંગ

**જૂનાગઢ એ ભાજપ અને કોંગ્રેસના નેતાઓનું હોમ ટાઉન છે જેથી આ ચૂંટણી બંને નેતાઓ માટે પ્રતિષ્ઠાનો સવાલ બની છે**

જૂનાગઢ,તા.૧૨

ગુજરાતમાં સ્થાનીક સ્વરાજની ચૂંટણી યોજાઈ રહી છે. નગર પાલિકા, જૂનાગઢ મહાનગર પાલિકા સિવાય કેટલીક તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાવાની છે. જૂનાગઢ જિલ્લામાં પણ ચોરવાડ નગરપાલિકાની ચૂંટણી યોજાવાની છે. જૂનાગઢની ચોરવાડ નગરપાલિકાની ચૂંટણી માટે જૂનાગઢના સાંસદ અને ગીર સોમનાથના ધારાસભ્ય વચ્ચે ખરા-ખરીનો જંગ જામ્યો છે...કેમ કે જૂનાગઢ એ ભાજપ અને કોંગ્રેસના નેતાઓનું હોમ ટાઉન છે જેથી આ ચૂંટણી બંને નેતાઓ માટે પ્રતિષ્ઠાનો સવાલ બની છે.

છેલ્લા પાંચ વર્ષથી ચોરવાડ નગરપાલિકામાં કોંગ્રેસનું શાસન છે. ત્યારે ચોરવાડ નગરપાલિકામાં ભાજપનું શાસન આવે તે માટે ખુદ સાંસદ મેદાને આવ્યા છે. તો કોંગ્રેસ શાસન ટકાવી રાખવા માટે અથાગ પ્રયત્નો કરી રહી છે. ત્યારે આ બંને નેતામાંથી કોણ બાજી મારશે તે પરિણામ આવશે ત્યારે જ ખબર પડશે? દેશના ઉદ્યોગપતિ સ્વ. ધીરુભાઈ અંબાણીની જન્મભૂમિ એટલે કે ચોરવાડ.... જૂનાગઢ જિલ્લામાં છ નગરપાલિકાઓની ચૂંટણી યોજાઈ રહી છે. પરંતુ સૌથી સંવેદનશીલ ગણાતી ચોરવાડ નગરપાલિકા ઉપર સમગ્ર લોકોનું ધ્યાન કેન્દ્રિત થયું છે કારણ કે અહીં બે બાહુબલી નેતાઓ આમને સામને છે. જુનાગઢ જિલ્લાના ભાજપના સાંસદ રાજેશ ચુડાસમાનું હોમટાઉન છે. ગીર સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાનું પણ હોમ ટાઉન છે.છેલ્લા પાંચ વર્ષથી આ નગરપાલિકામાં વિમલ ચુડાસમાના પત્ની જલ્પાબેન ચુડાસમા પ્રમુખ છે. ત્યારે કોંગ્રેસ પાસેથી આ નગરપાલિકાને આંચકી લેવા ખુદ ભાજપના સાંસદ રાજેશ ચુડાસમા મેદાને પડ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા પોતાના વિકાસ કામોને લઈને લોકો ફરીથી તેમના ઉપર વિશ્વાસ મૂકશે અને બહુમતીથી તેઓ વિજેતા થશે તેવી આશા વ્યક્ત કરી રહ્યા છે... ચોરવાડ નગરપાલિકા માટે તેમણે પણ ઉમેદવારી પત્ર ભર્યું છે.બીજી તરફ ભાજપના સાંસદ રાજેશ ચુડાસમા ચોરવાડ નગરપાલિકા ઉપર ભાજપનો ઝંડો લગાવવા માટે ખૂબ જ પ્રયત્ન કરી રહ્યાં છે.તેમજ છેલ્લા પાંચ કોંગ્રેસના શાસનમાં ચોરવાડ નગરપાલિકાનો વિકાસ રૂંધાયો છે અને જે દાવાઓ વિકાસના કરવામાં આવી રહ્યા છે તે પણ માત્ર કાગળ ઉપર જ છે... ચોરવાડ નજીક આવેલું હોલીડે કેમ્પ વિશ્વવિખ્યાત છે ત્યારે હાલ તે ખૂબ જ દયનીય પરિસ્થિતિમાં છે અહીં પ્રવાસીઓ આવે તે માટે સાંસદ રાજેશ ચુડાસમાએ વચન આપ્યા છે અને ચોરવાડ નગરપાલિકા નો વિકાસ કરવા માટે ગમે તે ભોગે તેઓ મહેનત કરશે તેવું પણ લોકોને આશ્વાસન આપી રહ્યા છે.

### જન સુનાવણી કાર્યક્રમમાં એક મજૂરે વિચિત્ર માગ કરી

# દારુના ભાવ થોડા ઘટાડો, જ્યોતિરાદિત્ય સિંધિયાના લોક દરબારમાં આવી વિચિત્ર અરજી

**હાલના સમયમાં દારુ એટલો મોંઘો થઈ ગયો છે કે અડધી મજૂરી તેમાં જ જતી રહે છે, જેથી પરિવારનું ભરણ પોષણ થતું નથી**

મધ્યપ્રદેશ,૧૨

મધ્ય પ્રદેશના કોલારસમાં કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના જન સુનાવણી કાર્યક્રમમાં એક મજૂરે વિચિત્ર માગ કરી હતી. કહેવાય છે જેલ રોડ નિવાસી નન્હે યાદવે સોમવારે દારુના ભાવ ઘટાડવાને લઈને અરજી આપી છે. અરજીમાં લખ્યું છે કે, તે મજૂરી કરે છે. આખો દિવસ થાક લાગ્યા પછી રાતમાં આરામ અને સારી ઊંઘ માટે દારુની મદદ લેવી પડે છે. હાલના સમયમાં દારુ એટલો મોંઘો થઈ ગયો છે કે અડધી મજૂરી તેમાં જ જતી રહે છે, જેથી પરિવારનું ભરણ પોષણ થતું નથી.નન્હે યાદવે કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને દારુની કિંમત ઘટાડવા માટે સંબંધિત વિભાગને નિર્દેશ આપવા ભલામણ કરી હતી. જો કે પ્રશાસને તેના પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.

જો કે, નન્હે યાદવની માગની અરજી હવે વાયરલ થઈ રહી છએ. નન્હે યાદવે જણાવ્યું કે, તેને ફક્ત એકલાની નહીં પણ સમગ્ર મજૂર સમાજની ચિંતા છે.મજૂર વર્ગના મોટા ભાગના લોકો આખો દિવસ મહેનત કર્યા બાદ સાંજે થાક ઉતારવા માટે દારુની મદદ લેતા હોય છે.

જો કે મોંઘા દારુના કારણે તેમના આર્થિક સ્થિતિ દિવસેને દિવસ ખરાબ થતી જાય છે. નન્હે યાદવે તેથી સિંધિયાને અપીલ કરતા દારુના ભાવ ઘટાડવાની માગ કરી છે. જેથી મજૂરો પર આર્થિક બોજ ન આવે અને પરિવારનું ભરણ પોષણ સારી રીતે કરી શકે.

### ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં એકલા હાથે લડવાના સંકેત આપ્યા

# પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પુત્ર અભિજીત મુખર્જીએ ટીએમસી છોડી

**પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પુત્ર અભિજીત મુખર્જી ટીએમસી છોડીને કોંગ્રેસમાં જોડાયા છે**

કોલકત્તા,૧૨

પશ્ચિમ બંગાળની સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસે ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં એકલા હાથે લડવાના સંકેત આપ્યા છે. એકલા ચૂંટણી લડવાની તૈયારી કરી રહેલી મમતા બેનર્જીના નેતૃત્વવાળી ટીએમસીને મોટો ફટકો પડ્યો છે. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પુત્ર અભિજીત મુખર્જી ટીએમસી છોડીને કોંગ્રેસમાં જોડાયા છે. અભિજીત મુખર્જી બુધવારે કોંગ્રેસમાં જોડાયા હતા. કોંગ્રેસમાં જોડાયા બાદ તેમણે કહ્યું કે તેઓ તેમના ઘરે પાછા આવી રહ્યા છે. મને આ કરતા શું રોકશે? અભિજીતે હળવા સ્વરમાં કહ્યું કે દિલ્હીથી કોલકાતા આવવામાં સમય લાગે છે. તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસ પાર્ટીની સ્થિતિ શું છે તેનાથી કોઈ ફરક પડતો નથી. કોંગ્રેસ છોડીને ટીએમસીમાં જોડાવા અંગે અભિજીતે કહ્યું કે તેઓ અંગત કારણોસર ત્યાં ગયા હતા.

અભિજીત મુખર્જીએ કહ્યું કે તેઓ તે કારણો જાહેર કરવા માંગતા નથી. તેમણે તરત જ સ્પષ્ટ કર્યું કે તેમને જે પણ જવાબદારી આપવામાં આવશે, તેઓ તેને નિભાવશે. અમે લોકો છીએ જે ઓર્ડરને આગળ ધપાવે છે. અભિજીત મુખર્જીની કોંગ્રેસમાં વાપસીની પુષ્ટિ પાર્ટીના પશ્ચિમ બંગાળ એકમ સાથે સંકળાયેલા નેતાઓએ પહેલેથી જ કરી દીધી હતી.

પશ્ચિમ બંગાળ કોંગ્રેસના અધ્યક્ષ સુભાંકર સરકારે કહ્યું કે અભિજીત મુખર્જી કોંગ્રેસમાં જોડાવાથી પાર્ટી મજબૂત થશે. તેમણે એમ પણ કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે જે લોકોની વિચારધારા રાહુલ ગાંધીની વિચારધારા સાથે મેળ ખાતી હોય તેઓ કોંગ્રેસમાં જોડાય.અભિજીત મુખર્જી બે વખત સાંસદ રહી ચૂક્યા છે. તેઓ પ્રથમ વખત ૨૦૧૨માં જંગીપુર લોકસભા બેઠક પરથી સંસદમાં પહોંચ્યા હતા, જે તેમના પિતા પ્રણવ મુખર્જીના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ તેમના રાજીનામાને કારણે ખાલી પડી હતી.

૨૦૧૨ની પેટાચૂંટણીમાં, અભિજીતને CPI(M) ના મુઝફ્ફર હુસૈન સામે સખત લડાઈનો સામનો કરવો પડ્યો અને તે માત્ર ૨૫૩૬ મતોના નજીકના માર્જિનથી જીતી શક્યો. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ અભિજીત જાંગીપુર બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાયા હતા પરંતુ ૨૦૧૯માં તેઓ ચૂંટણી હારી ગયા હતા. અભિજીતને ટીએમસીના ખલીલુર રહેમાનથી હરાવ્યા હતા.૨૦૨૧માં અભિજીત મુખર્જીએ કોંગ્રેસ છોડી દીધી હતી. અભિજીત પશ્ચિમ બંગાળની સત્તારૂઢ ટીએમસીમાં જોડાયા હતા. ગયા વર્ષે યોજાયેલી લોકસભાની ચૂંટણીના પરિણામો જ્યારથી આવ્યા છે ત્યારથી અભિજિત મુખર્જી અવાર-નવાર કોંગ્રેસની સાથે ઉભા રહેવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. જૂન ૨૦૨૪માં જ અભિજીત મુખર્જીએ કોંગ્રેસમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને પાર્ટી નેતૃત્વને મળવા માટે સમય પણ માંગ્યો હતો.પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહના નિધન બાદ પ્રણવ મુખર્જીની પુત્રી શર્મિષ્ઠા મુખર્જીએ કોંગ્રેસ વિરુદ્ધ મોરચો ખોલ્યો હતો, ત્યારે પણ અભિજીત પાર્ટીના બચાવમાં ઉભા જોવા મળ્યા હતા. શર્મિષ્ઠાએ પ્રણવ મુખર્જીના નિધન બાદ ઝઉઝની બેઠક બોલાવીને શ્રદ્ધાંજલિ ન આપવા બદલ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. ત્યારે અભિજીતે તેને કોરોના સમયગાળાના પ્રતિબંધો સાથે જોડીને બચાવ કર્યો અને કહ્યું કે CWCની બેઠકમાં બાદમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે કડી ખાતે નવનિર્મિત અનુપમ પ્રાથમિક શાળાનું લોકાર્પણ

**અનુપમ પ્રાથમિક શાળામાં ૧૮ ક્લાસરૂમ, ૨ કોમ્પ્યુટર રૂમ, ૧ સ્માર્ટ ક્લાસ, મેદાન સહિતની સુવિધાઓ છે**

મહેસાણા,તા.૧૨

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઝુલાસણ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત નવનિર્મિત પટેલ કુસુમબેન ભરતભાઈ ભક્તિદાસ ડૉ. પરિવાર અનુપમ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે ગામના વિકાસ માટે કોઈપણ જરૂરિયાત હોય તો તેનું સુચારું આયોજન કરીને તમામ કામગીરી પૂર્ણ કરવામાં રાજ્ય સરકાર સહયોગ માટે તત્પર છે.વધુમાં તેમણે જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકાસની કેડી કંડારી છે. તેઓએ ગુજરાતના ગામેગામ વીજળી અને પાણી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરી છે. ગુજરાતના દરેક બાળકને શિક્ષણ મળી રહે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે શાળા પ્રવેશોત્સવ જેવા આયોજનો થકી અગાઉના સમયમાં શાળા ડ્રોપઆઉટ રેશિયો ૩૫% હતો, જે આજે ઘટીને ૧.૯૮% સુધી પહોંચ્યો છે. આ તકે મહેસાણા જિલ્લાનો વિશેષ ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં દીકરીઓનો શાળામાં એનરોલમેન્ટ રેશિયો ૯૯.૮૮% છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. શિક્ષણમાં સરકાર તો પૂરતું ધ્યાન આપી જ રહી છે પણ સરકાર સાથે જ્યારે જનભાગીદારી જોડાય ત્યારે વિકાસ હંમેશા બેવડાતો હોય છે, જેનું ઝુલાસણ અનુપમ પ્રાથમિક શાળા ઉત્તમ ઉદાહરણ છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, વરસાદી પાણીના સંગ્રહ માટે વડાપ્રધાનએ દેશમાં 'કેચ ધ રેઈન' ઝુંબેશ શરૂ કરાવી છે. જે અંતર્ગત વરસાદનું પાણી જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા આ શાળામાં પણ કરવી જોઈએ અને શાળાની સાથે સાથે ગામમાં પણ વરસાદી પાણી જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા કરવા મુખ્યમંત્રીએ સૂચવ્યું હતું. ગ્લોબલ વોર્મિંગ સામે જેટલા વધુ વૃક્ષો વાવીશું તેટલો આપણને જ વધુ લાભ થશે તેમ જણાવી દરેકે પોતાની માતાના નામે એક વૃક્ષ વાવીને, તેનો ઉછેર કરીને વડાપ્રધાનના 'એક પેડ માઁ કે નામ' અભિયાનમાં સહભાગી થવા સૌને મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો. સ્વચ્છતા ઉપર ભાર મુકતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે દરેક લોકોએ સ્વચ્છતાને સ્વભાવમાં વણી લેવી જોઈએ. જો આ સ્વચ્છતા સ્વભાવમાં આવશે તો વિકાસ દીપી ઉઠશે. આ તકે મુખ્યમંત્રીએ નવનિર્મિત શાળામાં દાન આપનાર દાતાઓને અભિનંદન પાઠવી સન્માનિત કર્યા હતા. કાર્યક્રમ બાદ મુખ્યમંત્રીએ શાળાના વર્ગખંડોની મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અનુપમ પ્રાથમિક શાળામાં ૧૮ ક્લાસરૂમ, ૨ કોમ્પ્યુટર રૂમ, ૧ સ્માર્ટ ક્લાસ, મેદાન સહિતની સુવિધાઓ છે. મુખ્યમંત્રીએ આ અનુપમ શાળા નવીનીકરણમાં આર્થિક સહાય આપનારા દાતાઓનું સન્માન પણ કર્યું હતું.આ પ્રસંગે સાયલા ગુરુગાદી લાલજી મહારાજની જગ્યાના મહંત દુર્ગાદાસજી, જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ, મહેસાણા ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, કલોલ ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર, અગ્રણી ગીરીશભાઈ રાજગોર, તાલુકા પંચાયત પ્રમુખ કવિતાબેન પટેલ, જિલ્લા કલેક્ટર એસ. કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. હસરત જૈસમીન તેમજ દાતાઓ સહિત સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# હેલ્મેટ ડ્રાઇવના પ્રથમ દિવસે ૯૮.૯૬% સરકારી કર્મચારીઓએ નિયમનો કર્યો અમલ

અમદાવાદ,તા.૧૨

રાજ્યના તમામ સરકારી કર્મચારીઓએ ટ્રાફિક નિયમો પ્રત્યે જવાબદારીઓ નિભાવવાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. રાજ્યભરમાં ગુજરાત પોલીસે સરકારી કચેરીઓ બહાર હેલ્મેટ ડ્રાઈવ શરૂ કરી છે, જેમાંપ્રથમ દિવસેઅંદાજે૯૮.૯૬% સરકારી કર્મચારીઓ નિયમોનું પાલન કરીને પોતાની જવાબદારી અને શિસ્તબદ્ધતા પ્રદર્શિત કરતા ધ્યાને આવ્યા છે જે પ્રસંશનિય બાબત છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે ૨ દિવસ પહેલા રાજ્યના સરકારી કર્મચારીઓને અપીલ કરતા જણાવ્યું હતું કે, ''તમામ સરકારી કર્મચારીઓ સમાજ માટે રોલ મોડલ છે. તેઓ જો ટ્રાફિક નિયમોનું પાલન કરશે, તો સામાન્ય નાગરિકો માટે પણ તે પ્રેરણાદાયક રહેશે.''આ અપીલના અનુસંધાનમાં, રાજ્યભરમાં સરકારી કચેરીઓ બહાર પોલીસ ચેકિંગ પોઈન્ટ ગોઠવી હેલ્મેટ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે, જેમાં સરકારી કર્મચારીઓની જાગૃતતા સ્પષ્ટ દેખાઈ છે. ગુજરાતમાં અંદાજે ૪.૭૦ લાખથી વધુ કર્મચારીઓ ફરજરત છે, મોટાભાગના કર્મચારીઓએ સ્વયંશિસ્ત દાખવી અને હેલ્મેટ ધારણ કરીને એક ઉદાહરણ પૂરું પાડ્યું જેનિયમોપ્રત્યેની જાગૃતતાનુંઉત્તમ પ્રદર્શન છે. આ ડ્રાઈવના પ્રથમ દિવસે માત્ર ૪,૮૭૬ કર્મચારીઓએ જ હેલ્મેટ વિના મુસાફરી કરી હોવાનું ધ્યાને આવ્યુ અને તેમને દંડ કરવામાં આવ્યો છે.રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આ તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, ''સમગ્ર રાજ્યના સરકારી કર્મચારીઓએ જે રીતે ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ દર્શાવી છે, તે અન્ય નાગરિકો માટે પ્રેરણાદાયક છે. સરકારના તમામ વિભાગના કર્મચારીઓ જે રીતે શિસ્તબદ્ધ રીતે સંકળાયેલા છે, તે રાજ્ય માટે ગૌરવની બાબત છે. આપણું રાજ્ય ટ્રાફિક નિયમો પ્રત્યે વધુ જવાબદાર બને, તે માટે આપણે સૌએ સાથે મળીને પ્રયત્નો કરવા જોઈએ. ટ્રાફિક સુરક્ષામાં ગુજરાતને અગ્રેસર બનાવવા માટે સંકલ્પબદ્ધ રહેવા સૌને અપીલ છે.'' સરકારી કર્મચારીઓએ ટ્રાફિક નિયમો પ્રત્યે જવાબદાર નાગરિક તરીકેનો શ્રેષ્ઠ સંદેશ આપ્યો છે.

### હાઈકોર્ટમાં માહિતી આપી

# ગુજરાત સરકારે ૪૫૮ ગેરકાયદેસર ધાર્મિક સ્થળોને નોટિસ ફટકારી

**સાર્વજનિક રસ્તા, જાહેર પાર્ક અને અન્ય જાહેર સ્થળો પર અનધિકૃત ધાર્મિક ઢાંચાઓના રહેવાસીઓને ૪૫૮ નોટિસ ફટકારી છે**

અમદાવાદ,૧૨

ગુજરાત સરકારે જાહેર સ્થળો પર ગેરકાયદેસર ધાર્મિક સ્થળોને ૪૫૮ નોટિસ ફટકારી છે. આ વાત સરકારે ખુદ હાઈકોર્ટમાં જણાવી છે. મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલની ખંડપીઠે એક આદેશમાં કહ્યું હતું કે રાજ્ય સરકારે દિશા નિર્દોશોને લાગૂ કરવા માટે પ્રભાવી પગલા ઉઠાવ્યા છે અને સાર્વજનિક રસ્તા, જાહેર પાર્ક અને અન્ય જાહેર સ્થળો પર અનધિકૃત ધાર્મિક ઢાંચાઓના રહેવાસીઓને ૪૫૮ નોટિસ ફટકારી છે.

સરકારે હાઈકોર્ટને જણાવ્યું કે, જનતામાં જાગૃતિ ફેલાવવા માટે સ્થાનિક અખબારોમાં ૨૬૦૭ નોટિસ પ્રકાશિત કરી છે. સાથે જ સાર્વજનિક સ્થળો પરથી ગેરકાયદેસર ધાર્મિક દબાણો હટાવવા માટે સ્થાનિક ધાર્મિક પ્રમુખોને જાગૃત કર્યા છે.અહીં ઉલ્લેખનિય છે કે, ૨૦૦૬માં હાઈકોર્ટે જાહેર જગ્યા પર દબાણ કરનારા કથિત ધાર્મિક સ્થળોને હટાવવા માટે વડોદરા નગર નિગમ દ્વારા ચલાવવામાં આવેલા દબાણહટાવો અભિયાનના સંબંધમાં સ્વતઃ સંજ્ઞાન લેતા એક્શન શરુ કરી હતી.સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સાર્વજનિક સ્થળો પર અનધિકૃત દબાણોની ઓળખ કરવા અને તેમને હટાવવા, શિફ્ટ કરવા તથા નિયમિત કરવાના સંબંધમાં એક વ્યાપક નીતિ તૈયાર કરવા માટે નિર્દેશ જાહેર કર્યા હતા.

### લખનઉની SGPGI હોસ્પિટલમાં નિધન થયુ

# અયોધ્યા રામ જન્મભૂમિના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસનું ૮૭ વર્ષની ઉંમરે નિધન

**થોડા દિવસ પહેલા જ તેમની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ હતી. જે બાદ તેમને લખનઉની SGPGIમાં દાખલ કર્યા હતા**

અયોધ્યા,૧૨

અયોધ્યા રામ જન્મભૂમિના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસજીનું લખનઉની SGPGI હોસ્પિટલમાં આજે નિધન થઈ ગયું છે. સવારે ૮ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા છે. થોડા દિવસ પહેલા જ તેમની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ હતી. જે બાદ તેમને લખનઉની SGPGIમાં દાખલ કર્યા હતા. ડોક્ટર્સના જણાવ્યા અનુસાર, તેમને સ્ટ્રોકનો એટેક આવ્યો હતો. જે બાદ તેમની હાલત અતિ ગંભીર થઈ ગઈ હતી.

૪ ફેબ્રુઆરીના રોજ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એસજીપીજીઆઈ પહોંચીને આચાર્ય સત્યેન્દ્ર દાસના કુશળક્ષેમ જાણ્યા હતા. શ્રીરામ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસને ૨ ફેબ્રુઆરીના રોજ સ્ટ્રોકના કારણે અયોધ્યાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાંથી ડોક્ટર્સે તેમને એસજીપીજીઆઈમાં રેફર કર્યા હતા. એસજીપીજીઆઈ હોસ્પિટલ પ્રશાસન અનુસાર, આચાર્ય સત્યેન્દ્ર દાસ ડાયાબિટીઝ અને હાઈ બ્લડ પ્રેશર જેવી ગંભીર બીમારીઓથી ગ્રસ્ત હતાં.

આચાર્ય સત્યેન્દ્ર દાસ રામ જન્મભૂમિના મુખ્ય પૂજારી હતી. તેઓ નાનપણથી જ અયોધ્યામાં રહેતા હતા. દાસ લગભગ ૩૩ વર્ષથી રામલલા મંદિર સાથે જોડાયેલા હતા. તેઓ ૧૯૯૨માં બાબરી વિધ્વંસ પહેલાથી મંદિરમાં પૂજા અર્ચના કરતા આવ્યા છે. તેઓ રામમંદિરના મુખ્ય પૂજારી હતા.

રામ મંદિરના મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસ ૧૯૯૨માં બાબરી વિધ્વંસના લગભગ નવ મહિના પહેલાથી પૂજારી તરીકે રામલલાની પૂજા કરતા આવ્યા હતા. આચાર્ય સત્યેન્દ્ર દાસ ૧૯૭૫માં સંસ્કૃતિ વિદ્યાલયમાંથી આચાર્યની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. ત્યાર બાદ ૧૯૭૬માં તેમણે અયોધ્યા સંસ્કૃત મહાવિદ્યાલયમાં વ્યાકરણ વિભાગમાં સહાયક અધ્યાપકની નોકરી મળી ગઈ.

વિવાદિત ઢાંચાના વિધ્વંસ બાદ ૫ માર્ચ, ૧૯૯૨ના તત્કાલિન રિસીવરે તેમની પૂજારી તરીકે નિયુક્તિ કરી. શરુઆતમાં તેમને ફક્ત ૧૦૦ રુપિયા માસિક વેતન મળતું. પણ છેલ્લા કેટલાક વર્ષોથી વધારો થયો. ૨૦૨૩માં ફક્ત ૧૨ હજાર માસિક વેતન મળતું. પણ રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા બાદ તેમના વેતનમાં ૩૮૫૦૦ રુપિયા થઈ ગયું હતું.

### ચૂંટણી પહેલા મફત યોજનાઓ પર ભારે નારાજગી વ્યક્ત કરી

# ચૂંટણી પહેલા મફત યોજનાઓ પર ભડકી સુપ્રીમ કોર્ટ

**આ મફત સુવિધાઓને કારણે લોકો કામ કરવા તૈયાર નથી.' તેમને મફત રાશન મળી રહ્યું છે તેમને કોઈ કામ કર્યા વિના પૈસા મળી રહ્યા છે**

નવીદિલ્હી,૧૨

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પહેલા મફત યોજનાઓ પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટ કહે છે કે મફતના કારણે લોકો કામ કરવા તૈયાર નથી. બુધવારે શહેરી વિસ્તારોમાં બેઘર લોકો સંબંધિત કેસની સુનાવણી કોર્ટમાં ચાલી રહી હતી. હાલમાં, આ મામલાની સુનાવણી ૬ અઠવાડિયા માટે મુલતવી રાખવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટમાં, જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચ શહેરી વિસ્તારોમાં બેઘર લોકો માટે ઘરના અધિકાર સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી. જસ્ટિસ ગવઈએ કહ્યું, 'દુર્ભાગ્યવશ, આ મફત સુવિધાઓને કારણેપ લોકો કામ કરવા તૈયાર નથી.' તેમને મફત રાશન મળી રહ્યું છે. તેમને કોઈ કામ કર્યા વિના પૈસા મળી રહ્યા છે.બેન્ચે કહ્યું, 'અમે તેમના પ્રત્યેની તમારી ચિંતા સમજીએ છીએ, પરંતુ શું તે વધુ સારું નહીં હોય જો તેઓ પણ સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાય અને તેમને પણ દેશના વિકાસમાં યોગદાન આપવાની તક મળે?' એટર્ની જનરલ આર. વેંકટરામણીએ બેન્ચને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર શહેરી ગરીબી નાબૂદી મિશનને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે, જે શહેરી વિસ્તારોમાં બેઘર લોકોને આશ્રય આપવા સહિત વિવિધ મુદ્દાઓને સંબોધશે. બેન્ચે એટર્ની જનરલને કેન્દ્ર સરકારને પૂછવાનો નિર્દેશ આપ્યો કે શહેરી ગરીબી નાબૂદી મિશનને લાગુ કરવામાં કેટલો સમય લાગશે.

# બાબરામાં વ્હેલી સવારે ગાઢ ધુમ્મસ વચ્ચે ગુલાબી ઠંડી જોવા મળી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયું લોકોએ ગુલાબી ઠંડીનો અનુભવ કર્યો. રોડ રસ્તામાં વિજીબિલિટી ઘટતા વાહન ચાલકોએ હાલાકીનો સામનો કરવાની ફરજ પડી વહેલી સવારથી મોડે સુધી ધૂમમ્સ રહેતા મોરનીગ વોક પર નીકળતા લોકોએ ધૂમસસની સાથે ગુલાબી ઠંડીનો અનુભવ કર્યો. મિશ્રઋતુમાં ધૂમમ્સ આવતા આગામી દિવસોમાં ઠંડી રેહવાની માન્યતા આ ધૂમમ્સ રવિ પાકને નુકસાનકારક હોવાનું ખેડૂતોમાં જાણવા મળ્યું. દીવસ દરમિયાન તાપમાનમાં વધારો જોવા મલતા ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે તો વહેલી સવારે અને રાતે ઠંડો પવન ફૂંકાતા લોકો ઠંડીનો પણ અનુભવ કરી રહ્યા છે જોકે હવે શિયાળાને ટૂંકા દિવસો રહ્યા હોય ત્યારે ધૂમમ્સ જોવા મળી રહ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું

## રાજુલામાં લો–વોલ્ટેજની સમસ્યાથી

પીજીવીસીએલ કચેરીમાં કચેરીના ઈજનેરને આવેદનપત્ર પાઠવ્યું. જેમાં આ ખેડૂતોની માંગણી મુજબ ઉમિયા ફીડર તેમજ નવરંગ ફીડર મારફત પાવર મળે છે આ બંને ફીડરમાં છેલ્લા એક માસથી લો વોલ્ટેજ આપવામાં આવે છે અને ૧૦–૧૦ મિનિટે ટ્રીપિંગ થાય છે થ્રી ફેજ પાવરના સમય દરમિયાન આવતું હોય તેથી ચાલુ મોટરો બળી જવાની ઘટનાઓ બને છે અને ખેડૂતોને આર્થિક નુકસાની ભોગવી પડે છે. વાવાઝોડા પછી લાઈન રીપેર કરેલ તેમાં જર્જરિત સામાન વાપરી લાઈન જેમ ફાવે તેમ રીપેર કરી અને ચાલુ કરી દીધેલ. અવારનવાર ફરિયાદ કરવા છતાં કોઈ જવાબદાર અધિકારીઓ ધ્યાન આપતા નથી અને દિવસેને દિવસે પરિસ્થિતિ કથળતી જાય છે. ખેડૂતો દ્વારા અવારનવાર ફોન પર પણ ફરિયાદ કરવામાં આવે છે ત્યારે ફોન ઉપાડતો નથી અને ઉપડે ત્યારે સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી. ત્યારે આ બાબતે જો તંત્ર તરફથી ઘટતું કરવામાં નહીં આવે તો ખેડૂતો દ્વારા ઉપવાસ આંદોલન કરવાની ચીમકી આ આવેદનપત્રમાં જણાવવામાં આવેલ છે.


**સંકુલ ધો. ૧૧ પ્રવેશ – A1 A2 ગ્રેડને ફી રાહત**
**સંકુલ ધો. ૧૨ રીઝલ્ટ – A1 A2 ગ્રેડને ફી પરત**

* સંકુલનાં ધો–૧૧ આર્ટસ–કોમર્સ–સાયંસ EM-GM માં પ્રવેશ લેનાર ધો–૧૦ નાં કોઈપણ A1 ગ્રેડ સ્ટુડન્ટસને ધો.૧૧–૧૨ બન્ને વર્ષ 50% ફી રાહત–A2 ગ્રેડને 25%
* સંકુલનાં ધો–૧૨ આર્ટસ–કોમર્સ–સાયંસ EM-GM નાં સંકુલની કોલેજમાં પ્રવેશ લેનાર A1 ગ્રેડ સંકુલ સ્ટુડન્ટસને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષની 50% ફી પરત – A2 ગ્રેડને 25%
* KG ટુ PG – સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢરોડ અમરેલી - Ad 113


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૭ | ૧૧૨૫ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૩૧ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૮૫૫ | ૧૨૫૬ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૫૦ |
| ૫ | બાજરો | ૫૦૫ | ૭૧૨ |
| ૬ | જુવાર | ૬૫૦ | ૮૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૫૨ | ૭૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૫૬૦ | ૬૮૦ |
| ૯ | મગ | ૯૯૦ | ૧૩૭૧ |
| ૧૦ | અડદ | ૧૧૩૦ | ૧૩૬૨ |
| ૧૧ | ચણા | ૮૩૦ | ૧૧૪૭ |
| ૧૨ | તુવેર | ૮૨૦ | ૧૫૧૦ |
| ૧૩ | વાલ | ૯૯૬ | ૧૦૯૩ |
| ૧૪ | કપાસ | ૯૯૦ | ૧૪૭૫ |
| ૧૫ | એરંડા | ૧૦૭૨ | ૧૨૧૩ |
| ૧૬ | જીરૂ | ૨૦૦૦ | ૩૮૪૦ |
| ૧૭ | રાયડો | ૭૭૦ | ૧૦૫૦ |
| ૧૮ | ધાણા | ૧૧૧૦ | ૧૪૦૧ |
| ૧૯ | ધાણી | ૧૯૬૦ | ૧૯૬૦ |
| ૨૦ | અજમા | ૧૦૩૦ | ૨૪૦૦ |
| ૨૧ | સોયાબીન | ૫૯૦ | ૭૯૧ |
| ૨૨ | મરચા લાંબા | ૩૧૦ | ૩૩૦૦ |
| ૨૩ | વરીયાળી | ૬૧૦ | ૧૪૦૦ |
| ૨૪ | સુર્યમુખી | ૬૮૫ | ૬૮૫ |

## જામકા પ્રાથમિક શાળાના બાળકોને સોલાર કંપની દ્વારા સીએસઆર અંતર્ગત ટ્રેક ડ્રેસનું વિતરણ કરાયું

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની જામકા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રમતગમત અને યોગાસન વખતે પહેરી શકાય તેવા ટ્રેક ડ્રેસનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

જામકા સ્થિત સોલાર કંપની પર્યાપ્ત એનર્જી દ્વારા સી.એસ.આર. કાર્યક્રમ અંતર્ગત જામકાના વિદ્યાર્થીઓને ટ્રેક ડ્રેસનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું તે વખતે સોલાર કંપનીના કર્મચારી સર્વ આલોક નિગમ, અનુપમ ચૌધરી, આકાશ શાહ, આમન્યા ગુપ્તા, પ્રવિણ લાડવા, શાળાના આચાર્ય શાળાના શિક્ષકઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જામકા શાળા પરિવાર દ્વારા સી.એસ.આર. એક્ટિવીટી અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બદલ સોલાર કંપનીનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો તેમ જામકા પ્રાથમિક શાળાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૧ | ૧૫૭૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૩૫ | ૧૦૭૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૯૦ | ૧૦૪૦ |
| ૫ | ઘઉં | ૫૧૩ | ૬૬૭ |
| ૬ | ચણા | ૧૦૮૯ | ૧૧૨૧ |
| ૭ | તુવેર | ૧૨૮૧ | ૧૪૦૯ |
| ૮ | જીરૂ | ૩૫૯૫ | ૩૬૭૫ |


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૦૪૨ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૧૯૦૦ |
| ૪ | જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૬૫૦ | ૭૧૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૬૨૧ | ૭૦૨ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૭૦૫ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૧૦૧૦ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૧૬૩ |
| ૧૨ | તુવેર | ૧૩૫૦ | ૧૫૦૫ |
| ૧૩ | તુવેર લાલ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૧૪ | એરંડી | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૧૫ | ધાણા | ૧૬૦૦ | ૧૮૦૨ |
| ૧૬ | સોયાબીન | ૬૦૦ | ૭૭૫ |

## મોટા માંડવડા : સોલાર કંપની દ્વારા સી.એસ.આર. અંતર્ગત પ્રાથમિક શાળાના બાળકોને ટ્રેક ડ્રેસનું વિતરણ

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાની મોટા માંડવડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રમતગમત અને યોગાસન વખતે પહેરી શકાય તેવા ટ્રેક ડ્રેસનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાના જામકા સ્થિત સોલાર કંપની પર્યાપ્ત એનર્જી દ્વારા બુધવારે સી.એસ.આર કાર્યક્રમ અંતર્ગત મોટા માંડવડા પ્રાથમિક શાળા ટ્રેક ડ્રેસનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું ત્યારે સોલાર કંપનીના કર્મચારી સર્વ આલોક નિગમ, અનુપમ ચૌધરી, આકાશ શાહ, આમન્યા ગુપ્તા, પ્રવિણ લાડવા, શાળાના આચાર્ય કેશવભાઈ ચૌહાણ, શાળાના શિક્ષકઓ અને વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મોટા માંડવડા શાળા પરિવાર દ્વારા સી.એસ.આર. એકિટવિટી અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બદલ સોલાર કંપનીનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો, તેમ મોટા માંડવડા પ્રાથમિક શાળાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **દોલત બેવરેજીસનાં ભાગીદાર (૧) હાર્દિકભાઈ વશરામભાઈ રૈયાણી (૨) રોહિતભાઈ લાલજીભાઈ ગાજીપરા (૩) કિશોરભાઈ પ્રાગજીભાઈ રૈયાણી (૪) દિપેનભાઈ અશોકભાઈ વસાણી (૫) ભાયલાલભાઈ કરશનભાઈ રૈયાણી** ની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

માંગવાપાળ, તા. જિ. અમરેલી. હરિપ્રસાદ નગર
રે. સર્વે.નં. ૫૮/૨, ૫૮/૩ — બીનખેતી પ્લોટ નં. ૫૩
જેના ચો.મી. ૭૩૪–૯૪
રજી. દસ્તાવેજ નં. ૪૭૬૨ — તારીખ : ૧૯/૧૦/૨૦૨૪

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ અમૃતલાલ કાનજીભાઈ કણસાગરા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. અમૃતલાલ કાનજીભાઈ કણસાગરાએ ઉપરોકત મિલ્કત (૧) કાસીમભાઈ ઈકબાલભાઈ કરૂડ રહે. અમરેલીનાં કુલમુખત્યાર જાવેદભાઈ મહમદભાઈ મલેક રહે. અમરેલીવાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૩૩૬ તા. ૦૧/૧૧/૨૦૧૦નાં રોજ ખરીદ કરેલ છે.જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું અમારા અસીલશ્રી પાસેથી ખોવાયેલ હોય અને સદરહું કુલમુખત્યારનામું રજી. દસ્તાવેજ નં. ૩૩૬ તા. ૦૧/૧૧/૨૦૧૦નાં વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હોય. તેમજ કાસીમભાઈ ઈકબાલભાઈ કરૂડે ઉપરોકત મિલ્કત યુનુસભાઈ જીવાભાઈ સેતા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૯૩૮ તા. ૦૭/૦૪/૨૦૦૭નાં રોજ ખરીદ કરેલ છે. યુનુસભાઈ જીવાભાઈ સેતાએ ઉપરોકત મિલ્કત મહમદજુબેર દીલાવરભાઈ અજમેરી પાસેથી રજી. દસ્તાવેજ નં. ૧૫૨૬ તા. ૦૨/૦૬/૨૦૦૪નાં રોજ ખરીદ કરેલ છે. મહમદજુબેર દીલાવરભાઈ અજમેરીએ ઉપરોકત મિલ્કત હનીફભાઈ રઝાકભાઈ મેતર પાસેથી રજી. દસ્તાવેજ નં. ૨૨૨ તા. ૦૨/૦૨/૧૯૯૯નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અમારા અસીલશ્રી પાસેથી ખોવાયેલ હોય જેની ખરી નકલ રજુ કરેલ છે.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૨/૦૨/૨૦૨૫
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૧૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૨૩ |
| ૪ | બાજરો | ૩૪૫ | ૩૪૫ |
| ૫ | જુવાર | ૮૫૦ | ૮૫૦ |
| ૬ | ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૭ | સોયાબીન | ૫૦૦ | ૭૬૫ |
| ૮ | ધાણા | ૧૨૦૦ | ૧૨૨૧ |
| ૯ | તુવેર | ૧૧૩૫ | ૧૨૮૦ |
| ૧૦ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | શીંગફાડા | ૧૧૨૯ | ૧૧૨૯ |
| ૧૨ | મગફળી | ૭૭૫ | ૭૭૫ |
| ૧૩ | તલ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૧૪ | રાયડો | ૮૫૬ | ૮૫૬ |
| ૧૫ | વાલ | ૧૩૫૦ | ૧૩૫૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૧૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૧૦૦૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૪૫૧ |
| ૨ | ઘઉં | ૫૫૧ | ૫૬૦ |
| ૩ | એરંડા | ૧૧૯૧ | ૧૧૯૧ |
| ૪ | સોયાબીન | ૭૦૫ | ૭૦૫ |

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **દોલત બેવરેજીસનાં ભાગીદાર (૧) હાર્દિકભાઈ વશરામભાઈ રૈયાણી (૨) રોહિતભાઈ લાલજીભાઈ ગાજીપરા (૩) કિશોરભાઈ પ્રાગજીભાઈ રૈયાણી (૪) દિપેનભાઈ અશોકભાઈ વસાણી (૫) ભાયલાલભાઈ કરશનભાઈ રૈયાણી** ની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

માંગવાપાળ, તા. જિ. અમરેલી. હરિપ્રસાદ નગર
રે. સર્વે.નં. ૫૮/૨, ૫૮/૩ — બીનખેતી પ્લોટ નં. ૫૭ પૈકી
જેના ચો.મી. ૧૩૦–૧૧
રજી. દસ્તાવેજ નં. ૪૭૫૮ — તારીખ : ૧૯/૧૦/૨૦૨૪

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ ભાઈલાલભાઈ કરશનભાઈ રૈયાણી પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. ભાઈલાલભાઈ કરશનભાઈ રૈયાણીએ ઉપરોકત મિલ્કત (૧) પ્રકાશભાઈ બાલુભાઈ રંગાણી (૨) કૈલાસબેન અરવિંદભાઈ ગેવરીયા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૪૨૬૬ તા. ૨૦/૦૯/૨૦૨૪નાં રોજ ખરીદ કરેલ છે. (૧) પ્રકાશભાઈ બાલુભાઈ રંગાણી (૨) કૈલાસબેન અરવિંદભાઈ ગેવરીયાએ ઉપરોકત મિલ્કત રામજીભાઈ વશરામભાઈ મકવાણાનાં રહે. જુનાગઢવાળાનાં કુલમુખયતાર જહાંગીરભાઈ દાદુભાઈ કુરેશી રહે. અમરેલીવાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૩૨૯૭ તા. ૧૩/૦૭/૨૦૧૧નાં રોજ ખરીદ કરેલ. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું અમારા અસીલશ્રી પાસેથી ખોવાયેલ હોય અને સદરહું કુલમુખત્યારનામું રજી. દસ્તાવેજ નં. ૩૨૯૭ તા. ૧૩/૦૭/૨૦૧૧નાં વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હોય.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૨/૦૨/૨૦૨૫
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૧૧ | ૯૯૫ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૫૦ |
| ૩ | તલ પીળા | ૨૩૦૦ | ૨૪૭૪ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ૫ | બાજરો | ૫૫૨ | ૬૧૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૮૧ |
| ૭ | જુવાર | ૭૫૧ | ૯૮૫ |
| ૮ | મગ | ૧૪૦૦ | ૧૮૧૮ |
| ૯ | મઠ | ૧૧૭૦ | ૧૧૯૧ |
| ૧૦ | અડદ | ૯૫૦ | ૧૪૭૨ |
| ૧૧ | તુવેર | ૧૨૫૦ | ૧૪૪૧ |
| ૧૨ | ચણા | ૧૦૮૫ | ૧૧૦૯ |
| ૧૩ | એરંડી | ૧૧૯૧ | ૧૧૯૧ |
| ૧૪ | સોયાબીન | ૭૩૭ | ૭૫૩ |
| ૧૫ | રાયડો | ૯૫૦ | ૯૮૦ |

# અમરેલી ખાતે કપોળ યુવક મંડળ દ્વારા "સુરક્ષિત નારી સુરક્ષિત સમાજ" અંતર્ગત સેમિનાર યોજાયો



ઈનર વિલ કલબ આફ અમરેલી ગીર તથા અમરેલી કપોળ મહાજન સંચાલિત અમરેલી કપોળ યુવક મંડળના સંયુકત ઉપક્રમે 'વિમેન્સ એમ પાવરમેન્ટ એન્ડ સેલ્ફડિફેન્સ વર્કશોપનું સમસ્ત વણિક સમાજ જ્ઞાતિ માટે વર્કશોપ પાંચ દિવસનો રાખેલ હતો. આ વર્કશોપ તારીખ ૫/૨/૨૫ થી તારીખ ૯/૨/૨૫ દરમિયાન અમરેલી કપોળ મહાજન વાડીમાં રાખેલ હતો તેમાં બહોળી સંખ્યામાં બહેનો તથા દીકરીઓ જોડાણા હતા. જેની તાલીમ કરાટે એકસપર્ટ પાર્થ કામોઠી સર દ્વારા આપવામાં આવેલ હતી. આ વર્કશોપનું મેઈન સ્લોગન 'સુરક્ષિત નારી સુરક્ષિત સમાજ' છે. અત્યારના સમયમાં કઈ રીતે નારીએ સુરક્ષિત રહેવું તથા સ્વરક્ષા કરવી પોતાની તે બધું શીખ્યા હતા. આ કાર્યકમના પાંચમા દિવસના અંતે બધા પાર્ટિસિપેટને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા સમસ્ત વણિક જ્ઞાતિના પ્રમુખો હાજર રહ્યા હતા.

# રોટરી કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા એનેમિયા મુકત ભારત અંતર્ગત કેમ્પ યોજાયો











રોટરી કલબઓફઅમરેલીસીટીદ્વારાઆજરોજશીતલઈન્ડસ્ટ્રીઝમાં ૧૦૫ બહેનોનાહિમોગ્લોબિનચેકઅપનો કેમ્પ કરેલછે. રોટરી કલબનોએક અભિયાન ચાલે છે એનેમીયા મુક્તભારતઆઅભિયાનમાંરોટરીસીટીદ્વારાબધાબહેનોનેએનેમિયાન થાયતેનામાટેનીદવા પણઆપવામાંઆવેલછે. આપ્રોજેકટમાંયસમસરાણી પ્રોજેકટચેરમેન તરીકે હતાતથા સંજયભાઈ ભુવાની ઉપસ્થિતિ હતી તેવું સેક્રેટરી જીગ્નેશ મોદી અને પ્રમુખ અનિલ આડતીયા યાદીમાં જણાવેલ છે.

### પાલિકા પ્રમુખને રજુઆત કરવામાં આવી

## સાવરકુંડલાનાં વોર્ડ–૪ના ગણેશવાડી વિસ્તારમાં ૨૯ વર્ષથી માર્ગ બન્યો નથી

### જયાં જરૂર નથી તેવી જગ્યાએ માર્ગ બનાવવાનું બંધ કરો

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર ચારના શેરી નંબર બે ના રહીશો દ્વારા પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને પત્ર પાઠવી જણાવ્યું હતુ કે સાવરકુંડલાના વોર્ડ નંબર ચારમાં શેરી નંબર બે નો જાહેર રોડ છે જે મુખ્ય રોડ હોઈ અને આ રોડ વર્ષ ૧૯૯૬માં પહેલીવાર ડામર રોડ બનેલ હોઈ ત્યારબાદ આજે આ રોડને ૨૯ વર્ષ વીતી ચુકેલ હોઈ અને આ મુખ્ય માર્ગનું નામોનિશાન રહ્યું નથી આ અંગે વોર્ડ નંબર ચારના રહીશોએ અનેકવાર નગરપાલિકાને લેખિત તથા મોખિક રજુઆતો પણ કરેલ હોઈ પરંતુ આજદિન સુધી પાલિકાના સતાધીશો દ્વારા કોઈપણ પ્રકારનું ધ્યાન આપવામાં આવતું નથી.

સાવરકુંડલા પાલિકાના વોર્ડ નંબર ચારના શેરી નંબર બેનો મુખ્ય માર્ગ જે સહજાનંદ નગર, ગજાનન પાર્ક સોસાયટી, ચંદ્રમોલી સોસાયટી, શિવશક્તિ સોસાયટી, ખોડીયાર નગર, કાનાણી નગર, ખોડીયાર ચોક, હાથસણી રોડ, સ્વામિનારાયણ ગુરૂકુળ રોડને મળતો હોઈ અને સહજાનંદ નગર, ગજાનન પાર્ક સોસાયટી, ચંદ્રમોલી સોસાયટી, શિવશક્તિ સોસાયટી, ખોડીયાર નગર, કાનાણી નગર, ખોડીયાર ચોક, હાથસણી રોડના રહીશો વિદ્યાર્થીઓને સ્કુલ, કોલેજ જવાનો કાયમીનો પણ આજ કાચો માર્ગ રસ્તો છે. સાવરકુંડલામા જયાં જરૂર નથી એવી જગ્યાઓ પર રોડ બની રહ્યા છે પણ અમોનો આ મુખ્ય રોડ શા માટે બની નથી એ સમજાતું નથી અને નગરપાલિકા પ્રશાસનના હોદેદારો શા માટે આ રોડની મુલાકાત લેતા નથી એ સમજાતું નથી તેવા સવાલો વોર્ડ નંબર ચારના રહીશો કરી રહ્યા છે અને વોર્ડ નંબર ચારના ચુંટાયેલા સભ્યો પણ આ રોડ બાબતે ડોકાતા પણ નથી.

આ અંગે વોર્ડ નંબર ચારના મુખ્ય માર્ગ બનાવી દેવામાં નહિ આવે તો આગામી બે મહિનામાં ઉપવાસ આંદોલન પર બેસવાની અમોની ફરજ પડશે જરૂર પડયે રસ્તા રોકો આંદોલન પણ કરીશું તેવું વોર્ડ નંબર ચારના રહીશોએ પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને રહીશોની સહી સાથે પત્ર પાઠવ્યો હતો.

### કરેલ એફ.આઈ.આર.નાં આરોપીઓ ખુલ્લી હવામાં હોવાથી

## સાવરકુંડલાનાં ખોડીયાણા ગામનાં અરજદારે પોતાના પરિવાર ઉપર જોખમ હોવાનું જણાવ્યું

### કોઈપણ પ્રકારનો હુમલો થશે તો જવાબદારી પોલીસની રહેશે

સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલાનાં ખોડીયાણા ગામનાં ગુણવંતભાઈ વાઘમસીએ ''અમરેલી એકસપ્રેસ'' કાર્યાલયને એક પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સાવરકુંડલા તાલુકાના ખોડીયાણા ગામે રહીએ છીએ. અને મારા મોટાભાઈ મનસુખભાઈ નાનુભાઈ વાઘમશીને અમારા ગામનાં જ શખ્યો સામેનો કોર્ટ કેસ ચાલતો હતો અને આ કેસ બાબતે આ આરોપીઓને સજા પણ થયેલી હોય અને આ કોર્ટની તારીખ માટે મારા મોટાભાઈ અમરેલી કોર્ટમાં જુબાની માટે આવેલા હોય અને તે વખતે આરોપીઓએ ધમકી આપેલ કે જુબાની અમારા તરફી આપજે નહિતર જાનથી મારી નાખીશું આ કેસ બાબતે મારા ભાઈએ આ ધમકીનાં કારણે કોર્ટમાં જ આત્મહત્યા કરી લીધેલ હોય અને આ બાબતે આ આરોપીઓ સામે એફ.આઈ.આર. પણ દાખલ કરેલ હોવા છતાં પણ આ આરોપીઓની ધરપકડ ન થઈ હોય તેથી અમારા પરિવાર પર જાનનું જોખમ છે. અને આ આરોપીઓ રાજકીય હોદો ધરાવતા હોવાથી તથા માથાભારે અને જુથ બળવાળા તથા આર્થિક સધ્ધર પૈસાપાત્ર રાજકીય વગ ધરાવતા હોવાથી પોલીસ પકડથી દુર છે. અને પોલીસ સ્ટેશનમાં સુરક્ષા સલામતીની વાતોમાત્રને માત્ર બોર્ડ ઉપર જ છે. અને સામાન્ય લોકોની રાવ કે ફરીયાદ સાંભળવામાં આવતી નથી. અને જો રાજકીય લોકો ઉપર આવુ બને તો ૨૪ કલાકમાં જ આરોપી ન મળે તોય ગમે તેની ધરપકડ કરવામાં આવે છે. અને સાવરકુંડલા પોલીસ સ્ટેશન રાજકીય ઈશારે જ ચાલે છે. અને નાના માણસોની ફરીયાદ પર ધ્યાન આપવામાં આવતં નથી. અને હાલમાં આ આરોપીઓ ખુલ્લેઆમ ફરતા હોવાથી અમારા પરિવાર પર જાનનું જોખમ પણ વધી ગયેલ છે તેને કારણે ગમે ત્યારે કોઈ મોટી ખુન ખરાબી પણ સર્જાઈ શકે તેમ હોય અને આવી કોઈ દુર્ઘટના થાય કે અમારા પરિવાર પર કોઈપણ હુમલો કે કંઈ પણ થાશે તો તેની તમામ જવાબદારી અમરેલી એસ.પી.ની જ બની રહેશે. તેમ અતંમાં જણાવેલ છે.

## દામનગરમાં સ્વ. પત્રકારની પુત્રવધુ કલાસ વન અધિકારી બન્યા

દામનગર, તા. ૧૨

દામનગર શહેરમાં ફૂલછાબ અને સૌરાષ્ટ્ર સમાચાર જેવા લીંડેજ અખબારોમાં પાંચ દાયકા સુધી અવિરત સેવારત પ્રદાન આપી જનાર સ્વ પીઠ પત્રકાર સ્વ નટવરગીરી ગોસ્વામીની પૌત્રવધુ ઈએનટી સર્જન ડો નિરાલી નિરજગીરી ગોસ્વામી ની તાજેતરમાં રાજય સરકાર દ્વારા કલાસ વન આરોગ્ય અધિકારી તરીકે પદ ઉન્નતિ ગુજરાત સરકારના તા.૪/૯/૨૪ના આદેશથી ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સીંગરવા ખાતે પદ નિયુકિત થતા સર્વત્ર સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓએ ખુશીની લાગણી વ્યકત કરી અભિનંદન પાઠવી રહ્યા છે.



### રાજુલા પોલીસ 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત કરી કામગીરી

## સા.કુંડલાનાં આદસંગનાં નાગરિકને ૨ વર્ષ પહેલા ગુમ થયેલ મોબાઈલ મળી આવ્યો

### મધ્યવર્ગનાં પરિવારને ૮ હજારનો મોબાઈલ મળતા ખુશી



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા.૧૨

રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટરની સુચના અને માર્ગદર્શથી રાજુલા પોલીસ સ્ટેશનમાં સ્ટેડા.નં. ૦૭/૨૦૨૩તા.૨૪/૦૪/૨૦૨૩ CRPC 41(1)D, 102 મુજબ કબ્જે કરવામાં આવેલ મોબાઈલ ફોન જેમાં નો એક VIVO કંપનીનો Y-15C બ્લુ કલરની બોડીવાળો જેના IMEI- ૮૬૪૦૦૪૦૬૦૨૬૦૯૩૯ કિ.રૂ.૮,૦૦૦/– નો જે ટેકનિકલ સોર્સના માધ્યમથી મુળ માલિક સાદુળ ભાઈ માત્રાભાઈ ચાંદુ રહે. આદસંગ, તા.સાવરકુંડલા, જી.અમરેલી વાળાને શોધી મોબાઈલ ફોન બાબતે પુછતા જણાવેલ કે બે વર્ષ પહેલા સાવરકુંડલા ખરીદી કરવા ગયેલ અને ખરીદી કરી પરત ઘરે આવતા હતા તે સમયે સાવરકુંડલા બસ સ્ટેશનમાંથી બસમાં ચડતા હતા તે દરમ્યાન ફોન કયાંક પડી ગયેલનું જણાવતા આ મધ્યમવર્ગના વ્યકિતને કિ.રૂ.૮,૦૦૦ /– મોબાઈલ ફોન પરત આપી ખરા અર્થમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ સાર્થક કરેલ છે.

રાજુલાપો.સ્ટેના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. કોલાદરાની સુચના અને માર્ગદર્શન નીચે સર્વેલન્સ ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

### પૂર્વ કેબીનેટ મંત્રી દિલીપ સંઘાણીની હાંકલ

## રાજુલા, જાફરાબાદ, લાઠી, ચલાલા પાલિકાની સામાન્ય અને પેટા ચૂંટણીમાં ભાજપને વિજયી બનાવો

### શહેરોનાં વિકાસ માટે ભાજપ એ જ શ્રેષ્ઠ વિકલ્પ

અમરેલી, તા.૧૨

ભારતીય જનતા પક્ષ અનેક યોજનાઓ થકી જનવિકાસના કાર્યો કરી રહી છે જેમા શહેરીજનોને પ્રાથમીક સુવિધાપૂર્ણ પાયાની જરૂરીયાત માટે ગુજરાતની પાલીકાઓના આધુનિકરણ સાથે વિકાસના વિઝનપર કામ કરી રહેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના પ્રયત્નોને સાર્થક કરવા તત્પર છે તેવા સમયે અમરેલી જીલ્લાની રાજુલા, જાફરાબાદ, ચલાલા, લાઠી નગર પાલીકા તેમજ અમરેલી શહેરના વોર્ડ નં. ૫ અને ૭ ની પેટા ચૂંટણીઓમા ભાજપને વિજયી બનાવવા રાષ્ટ્રિય સહકારી અગ્રણી–પૂર્વમંત્રી દિલીપ સંઘાણીએ અપીલ કરી છે.



સંઘાણીએ વધુમા જણાવેલ કે, ગુજરાત ભાજપ સરકાર શહેરી વિકાસ અને સુવિધાઓ માટે કાર્યરત છે, પાલીકાઓના વિકાસને આગળ લઈ જવાના ભાજપ સરકારની શહેરી વિકાસ યોજનામાં સહયોગી બનવું જરૂરી હોઈ, અમરેલી જીલ્લાની રાજુલા, જાફરાબાદ, ચલાલા, લાઠી અને અમરેલી શહેરના વોર્ડ નં.૫ અને ૭ની પેટા ચૂંટણીઓમા ભાજપને વિજયી બનાવવા દિલીપ સંઘાણીએ જાહેર અપીલ કરી છે.

### અનેક ગામોનાં મુસાફરોમાં નારાજગી

## તળાજા–જુનાગઢ રૂટની એસ.ટી. બસ સ્ટાફનાં અભાવે ૧૦ દિવસથી બંધ

### બસ પુનઃ શરૂ ન થાય તો ''રામધુન'' દ્વારા રજૂઆત

દામનગર, તા. ૧૨

દામનગર તળાજા ડેપોની તળાજા જુનાગઢ ૩૦ વર્ષ જુના રૂટની બસ છેલ્લા દસ દિવસથી બંધ અનેક રજૂઆત કરવા છતાં તંત્રના પેટમાં પાણી હલતું નથી છેવાડાના વિસ્તારના અનેક ગામડાઓમાં આ બસ બંધ થતાં ભારે મુશ્કેલી પડી રહી છે શાખપુર સરપંચ જશુભાઈ ખુમાણ દ્વારા એસ.ટી.ના ઉચ્ચ અધિકારીનો ટેલિફોનિક સંપર્ક કરતા સ્ટાફની ઘટ હોવાનું જણાવી અને અવર નવર આ રૂટ કેન્સલ કરવામાં આવે છે. આ રૂટ વહેલી તકે શરૂ કરવામાં નહીં આવે તો તળાજા ડેપો ખાતે આજુબાજુના સરપંચ દ્વારા રામ ધુનનો કાર્યક્રમ રખાશે જેથી પાંચ તલાવડા શાખપુર નાની વાવડી કલ્યાણપર ખારા સનાળીયા અને લીલીયા સહિતના સરપંચો આ કાર્યક્રમમાં જોડાશે જેથી વહેલી તકે તળાજા જુનાગઢ રૂટ શરૂ કરવામાં આવે તેવી રજૂઆત શાખપુર સરપંચ જશુભાઈ ખુમાણ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.







# લીલીયા મોટા : સરકારી કોલેજના વિદ્યાર્થીઓનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે (લઘુ નાટક)માં જોરદાર પરર્ફોર્મન્સ










ગુજરાત રાજયના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગરના વડપણ હેઠળ કવચ કેન્દ્ર અંતર્ગત યુવા પેઢી સાયબર ફ્રોડથી જાગૃત થાય તેવા ઉદેશ્યથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે સાયબર રક્ષક નાટક ઉત્સવનું આયોજન તા.૧૧/૨/૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી વિનયન અને વાણીજય કોલેજ લીલીયાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અત્રેની કાલેજના સાયબર ક્લબ અંતર્ગત વિદ્યાર્થીઓએ ઉમદા લઘુનાટય વડે ડિજિટલ નાણાકીય સલામતી માટે સામાજિક જાગૃતિ અને સાયબર ક્રાઈમ તથા નિવારણ વિષય પર ઉમદા પર્ફોર્મન્સ આપી તમામ દર્શકોના દિલ જીતી લીધા હતા. એક યુનિક થીમ પર અનુભવના આધાર સાથેના આ લઘુનાટકે હાજર રહેલ દરેક શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાલેજના પ્રિન્સિપાલ ડો.રાજેન્દ્રસિંહ રાઠોડએ સમગ્ર ટીમને અભિનદન આપ્યા હતા. સાયબર કલબ કવચ કો–ઓર્ડીનેટર પ્રો.ડા.સુભાષ ઓડેદરા કેટલાય દિવસોથી આ માટેનો સખત પરિશ્રમ સાર્થક કર્યો છે, ઉપરાંત કાલેજના વીઝીટીંગ ફેકલ્ટીના ભૂમીબેન, રીદ્ધીબેન તથા માનસીબેનની મહેનત ફળી હતી. ભાગ લેનાર વિદ્યાર્થીઓની ટીમ તથા કોલેજ પરિવારની સર્વે ટીમને કાલેજ આચાર્ય ડો રાજેન્દ્રસિંહ રાઠોડ તથા સમગ્ર લીલીયા પંથકમાંથી અભિનંદન આશીર્વાદ મળ્યા છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

હવે... બદલાશે સારવારની પરીભાષા
કાર્યરત વિભાગો
આયુષ્માન કાર્ડ અંતર્ગત તદ્દન મફત ઓપરેશન
24/7 Emergency Services
(ગોળ હોસ્પિટલ)
યુરોલોજી (કિડની - પથરી - પ્રોસ્ટેટ) | આયુર્વેદ વિભાગ | પીડીયાટ્રીક્સ (બાળરોગ)
ક્રિટીકલ કેર અને મેડિસિન | ઈ.એન.ટી (કાન-નાક -ગળા) | આંખ વિભાગ
લેબોરેટરી | જનરલ સર્જરી | ગાયનેક અને આઈ.વી.એફ
ડાયાલિસીસ વિભાગ | સ્કિન વિભાગ (ચામડીના રોગ) | દાંત વિભાગ
ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ | ફિઝીયોથેરાપી વિભાગ
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૬૬૬
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## સાવરકુંડલાનાં વંડા ગામની ખાનગી શાળામાં બનેલ ઘટનાથી ચકચાર

# ફિટકાર : શિક્ષકે ધો. ૮નાં વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કર્યુ

### શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રમાં શેતાની માનસિકતા ધરાવતા શિક્ષક ઘુસી જતાં રોષનો માહોલ

### લંપટ શિક્ષકને સસ્પેન્ડ કરવાને બદલે ડીસમીસ કરીને આકરી સજા આપવી જોઈએ

### શિક્ષકે એકવાર નહી પરંતુ પાંચ વખત વિદ્યાર્થી સાથે દુષ્કર્મ કર્યુ

### ખાનગી શાળાનાં ટ્રસ્ટીઓ કે સંચાલકોની બેદરકારીથી શિક્ષકની હિંમત વધી

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના વંડા ગામે આવેલ એક ખાનગી સ્કૂલના શિક્ષકે પોતાના જ કલાસમાં ધોરણ ૮માં અભ્યાસ કરતાં એક વિદ્યાર્થીને ઝાપટ મારી ભોગ બનનાર તરૂણના કપડા કાઢી નાખી આરોપી શિક્ષકે પોતાના કપડા કાઢી નાખી ભોગ બનનાર સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરેલ હોય. ત્યારે આરોપી શિક્ષકે ભોગ બનનાર સાથે અગાઉ પણ અલગ–અલગ સમયે આવુ પાંચેકવાર કૃત્ય કરેલ હોય. આ અંગે વંડા



પોલીસસ્ટેશનમાં ભોગ બનનાર તરૂણના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા અમરેલી જિલ્લાના શિક્ષણજગતમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે વંડા પોલીસે આરોપી સામે ગુન્હો નોંધી આરોપીને ઝડપી લીધેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતા અને ખેતી કામ કરતાં ખેડૂતનો ૧૩ વર્ષનો દીકરો સાવરકુંડલા તાલુકાના વંડા ગામે આવેલ એક ખાનગી સ્કૂલમાં ધોરણ ૮માં અભ્યાસ કરતો હોય. ત્યારે ગત તા. ૭/૨/૨૫ ના રોજ રાત્રીના જમીને ભોગ બનનાર તરૂણ પોતાના રૂમમાં પોતાની સ્કૂલનું હોમવર્ક કરતો હોય. ત્યારે તે જ સ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા આરોપી વિશાલભાઈ સાવલીયાએ આ ભોગ બનનાર તરૂણને પોતાના રૂમમાં ચાર્જર લેવા માટે મોકલેલ. જેથી ભોગ બનનાર તરૂણ રૂમમાં ચાર્જર લેવા ગયેલ ત્યારે આરોપી શિક્ષક ભોગ બનનાર તરૂણની પાછળ રૂમમાં જઈ અને પાછળ દરવાજો બંધ કરી દીધો હતો.

બાદમાં આરોપી શિક્ષકે ભોગ બનનાર તરૂણને કપડા કાઢવાનું કહેતા ભોગ બનનારે ના પાડતા શિક્ષકે વિદ્યાર્થીને ઝાપટ મારી ભોગ બનનાર તરૂણના કપડા કાઢી નાખી અને આરોપી શિક્ષકે પોતાના કપડા કાઢી નાખી ભોગ બનનાર સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરેલ હોય. ત્યારે આરોપી શિક્ષકે ભોગ બનનાર સાથે અગાઉ પણ અલગ–અલગ સમયે આવુ પાંચેકવાર કૃત્ય કરેલ હોય. આ અંગે વંડા પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર તરૂણના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા અમરેલી જિલ્લાના શિક્ષણજગતમાં ચકચાર મચી જવા પામી છે.

ત્યારે વંડા પોલીસે આરોપી સામે બીએનએસ કલમ–૧૧૫(૨) તથા પોસ્કો એકટ કલમ–૪, ૬, ૧૦ તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ કલમ–૭૫ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(ઈ), ૩(૨)(૫–અ) મુજબનો ગુન્હો નોંધી આરોપીને ઝડપી લીધેલ છે.

### અનાજ દળવાની ઘંટી ઉપર પડેલ ઝેરી દવાની અસર થઈ

## ધારીનાં ડાંગાવદર ગામે એક જ પરિવારનાં ૪ વ્યકિતઓને ઝેરી દવાની અસર

### ચારેય વ્યકિતઓને સારવારમાં ખસેડાયા

અમરેલી, તા. ૧૨

ધારી તાલુકાના ડાંગાવદર ગામે રહેતા દમુબેન શામળાભાઈ બલદાણીયા, માહીર શામળાભાઈ બલદાણીયા, દેવલબેન શામળાભાઈ બલદાણીયા તથા સમજુબેન નાથાભાઈ બલદાણીયા સહિત ચારેય લોકોએ ગત તા. ૯ના બપોરના આશરે સાડા બારેક વાગ્યાના સમયે ઘરે હાજર હોય અને ઘરની ઓસરીમાં અનાજ દળવાની ઘંટી આવેલ છે તે ઘંટી ઉપર વાડી ખેતરમાં નાખવાની દવા પડેલ હોય. તે ઘંટીમાંથી દળેલ લોટની રોટલી બનાવી ભોગ બનનાર ચારેય લોકો રોટલી બનાવી જમેલ હતા અને ઘઉંના લોટમાં કોઈ કારણસર ઘંટી ઉપર પડેલ વાડી (ખેતર)માં નાખવાની ઝેરી દવા ભળી ગયેલ હોય અને જમ્યા બાદ થોડીકવાર થતા ચારેયને ઉલ્ટી, ઉબકા થવા લાગતા શામળાભાઈ આવી જતા અને તેમણે લોટ સુંઘતા તેમાં ઝેરી દવાની વાસ આવતી હોય. ભોગબનનાર ચારેયને ઝેરી દવાની અસર થતા હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયેલ છે.

Sheetal
On a Bill of ₹1,000/-
A surprise gift free on a Bill of Rs. 1000/-
Offer Valid : 29-01-2025 to 28-02-2025
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

LG
Introducing
LG Single Door Refrigerators
Nature Series



Fixed EMI Starts from ₹999/-
Life's Good.
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના
લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ રવાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૭૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર વિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : નિઝારભાઈ ચાવડા - ૭૯૨૬૫ ૯૨૮૭૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯
લવાજમની મુદ્દત તા.૦૧–૦૧–૨૦૨૫ થી તા.૩૧–૧૨–૨૦૨૫
લવાજમ ભરો ₹ ૮૯૯/- અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.
અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા – મો. નં. ૮૭૩૫૦ ૧૨૦૨૦
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)